**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦ આજીવન ૨૫૧-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : ૩૨૯૦૫૦૭

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| શાંતિનો ઉપાય | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| સ્વર્ગારોહણમાં સેવાયજ્ઞોની પરંપરા | નારાયણ હ. જાની | ૧૨ |
| ગરમ વસ્ત્ર ને દફતરકીટ વિતરણ સેવાયજ્ઞ | રાજુ જાની | ૧૮ |
| અનાજ અને ગરમ વસ્ત્ર વિતરણના સેવાયજ્ઞો | નારાયણ હ. જાની | ૧૯ |
| સ્વર્ગારોહણના આંગણેથી | તંત્રી | ૨૫ |
| સર્વરોગ નિદાનયજ્ઞ | ડો. બી. જે. જાગાણી | ૨૮ |
| ગુરુપૂર્ણિમાની વિદેશમાં ઉજવણી | સુરેશભાઇ શાહ | ૩૩ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૩૯ |
| શ્રી શ્રી મા શારદાદેવી–(૧૩) | પ્રો. અરુણિકા મનોજ દરૂ | ૪૪ |
| સભાન શાશ્વતી | પ્રો. તરલા દેસાઇ | ૫૨ |
| પોયણું પાંગર્યું | મા સર્વેશ્વરી | ૫૬ |
| શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી | શ્રી યોગેશ્વરજી | ૬૪ |

**ભક્તિસુધા**

નિંદા કરું ન કોઇની, રહું નિરપેક્ષ સદાય;
વાણી વશ રાખું સદા, કરું ન ક્રોધ કદાય. ૪૬
અહંતા ને મમતા ત્યજી, કરી વેરનો ત્યાગ;
સમદર્શી રહું સર્વમાં, ત્યજી દ્વેષ ને રાગ. ૪૭
જે વસ્તુ આવી મળે, તેમાં રહો સંતોષ;
હર્ષખેદને દૂર કરી, દેખું નહિ પરદોષ. ૪૮

**(મહારાજશ્રીનથુરામશર્મા)**

# શાંતિનો ઉપાય

શ્રી યોગેશ્વર

તાપથી સંતપ્ત પ્રવાસી પંથમાં બેસીને પોકારો પાડવા લાગ્યો. અરે, કોઈ છાયા તો બતાવો. મારે છાયાની આવશ્યકતા છે. શીતળ છાયાની આવશ્યકતા છે. મને કોઈ ઘટાદાર વિશાળ વૃક્ષની પાસે તો પહોંચાડો.

પ્રવાસીની પાસે જ, એના પંથની એક તરફ જ વિશાળ ઘટાદાર વૃક્ષ હતું. એની શીતલ છાયામાં જઈને શાંતિ મેળ-વવાનું જ શેષ હતું. ત્યાં જવાનું પ્રવાસીના હાથમાં હોવા છતાં એ પોકારો પાડીને બેસી રહેલો. એવી રીતે પોકારવાથી એ વૃક્ષ પાસે પહોંચી શકે અને એને છાયા પણ મળી શકે?

આજે સંસારમાં ચારે તરફ અશાંતિના ઓળા ઉતરેલા છે. માનવ સંપૂર્ણપણે સુખી નથી. સુખની શોધમાં છે. પરંતુ એ સુખ એને સાંપડે કેવી રીતે? પડછાયાની પાછળ પડવાથી પ્રકાશ નથી મળતો. પ્રકાશની તરફ અભિમુખ બનવાથી પ્રકાશ, પ્રકાશવાન પદાર્થ અને પડછાયાની પ્રાપ્તિ આપોઆપ થાય છે. જેમનામાં સુખ શાંતિ આનંદ છે એટલું જ નહીં પરંતુ જે સ્વયં સુખસ્વરૂપ, શાંતિસ્વરૂપ, પરમાનંદ સ્વરૂપ છે, તે પરમાત્મા પ્રત્યે અભિમુખ બનવાથી જ જીવન સુખમય, શાંત, સુસંવાદી, સ્થિર, સંપૂર્ણ, સાર્થક કે ધન્ય બને છે. એ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

પરંતુ વિષયાસક્ત વિષયાભિમુખ મન એ વાતને ભૂલી જાય છે. અને યાદ રાખે છે તોપણ એ પ્રમાણે વર્તતું નથી. એને લીધે દુઃખી થાય છે ને ક્લેશ અશાંતિ તથા બંધનોને અનુભવે છે. સમીપમાં જ રામભક્તિની સુરસરિતા કે સ્વર્ગગંગા છે તોપણ પિપાસુપ્રાણ ઝાકળનાં બિંદુની કામના કરે છે. ધૂમ્રસમૂહ-



ને નિહાળીને તૃષાર્ત ચાતક વરસાદના વારિવાળું વાદળ સમજી બેસે છે. વિષયોમાં સુખ નથી છતાં જીવ તેમાં સુખ સમજે છે.

ઐસી મૂઢતા યા મનકી.
પરિહરિ રામભક્તિ સુરસરિતા આશ કરત ઓસકન કી.—ઐસી
ધૂમ્ર સમૂહ નિરખી ચાતક જ્યાં તૃષિત જાનિ મતિ ઘન કી,
નહિ તહીં શીતલતા ન વારિ પુનિ હાનિ હોત લોચન કી.
ઐસી મૂઢતા યા મનકી.

પરમાત્મા પ્રત્યે અભિમુખ થવાથી જ સુખશાંતિ સાંપડે છે. પરમાત્માથી વિમુખ બનવાથી દુઃખ મળે છે. શાસ્ત્રો અને સંતોએ એ અનુભવી વાતને અવારનવાર કહી બતાવી છે. માનવ એને જીવન વ્યવહારમાં વણી લે એટલી જ વાર છે.

પ્રકૃતિના પંથે પ્રયાણ કરનારો માનવ પ્રવાસી પ્રશાંતિની શોધમાં છે. પ્રસન્નતાની ઈચ્છા રાખે છે. એણે પ્રકૃતિને નાથીને બાહ્ય સુખોપભોગનાં સાધનોને વસાવ્યા છે. પરંતુ પ્રકૃતિના આટલા બધા એકધારા પ્રવાસ પછી હવે એને લાગે છે કે જીવનમાં અસંતોષ અને અશાંતિના ઓળા ઊતર્યા છે, સંતાપ નથી શમ્યા, શાંતિનો સૂર્યોદય નથી થયો. પ્રસન્નતાનું પુનિત પ્રભાત નથી પ્રકટ્યું. ધન્યતાનાં ઉલ્લાસસૂચક મંગલમય વિહંગગીતો નથી ગવાતાં. સાર્થકતાની સ્વસ્થ સમીર લહરી પોતાનું લલિત લત્સ્યનૃત્ય નથી કરતી. એનો પ્રાણ પોકારે છે. શાંતિને ઝંખે છે. એને આપણે કહીએ છીએ કે શાંતિની સ્વર્ગ-ગંગામાં સ્નાન કરો. તમે શાંતિ સ્વરૂપ છો. સુખ સ્વરૂપ છો. તમારી અંદર રહેલા શાંતિના સુવર્ણભંડારને શોધી કાઢો કે હસ્તગત કરવાનો પ્રયત્ન કરો. પછી સઘળા સંતાપો શાંત થશે. જીવન અને એનો પ્રવાસ સરસ, સાર્થક બનશે.

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૮ જાન્યુઆરી—૨૦૦૭ અંક ૪

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૧૧—૧૨—૮૧ શુક્રવાર, માગસર સુદ પૂનમ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટા એના, કેલીફોર્નિયા, અમેરિકા.**

સવારે પૂ. શ્રી ઘણું ખરું મૌન રહીને જ પોતાનું કાર્ય કરે છે. સાડા અગિયારે મુલાકાતનો સમય થતાં પૂ. શ્રી સામેના બેઠક રૂમમાં આવે છે. પૂ. શ્રીની સોફાની બેઠક ઉપર શ્રીરામ-કૃષ્ણદેવ ને શ્રી શારદામણીદેવીનો ફોટો છે. બીજો લાંબો સોફા છે તેના પર સર્વેશ્વરી બેસે છે.

આજે તો મુલાકાત શરૂ થતાં જ પૂ. શ્રીએ શ્રીકંચનબેનને કહ્યું, પ્રશ્ન પૂછવા હોય તો પૂછો. કારણ કંચનબેનને જાણવાની જીજ્ઞાસા વધારે છે. એટલે કંચનબેન પૂછે છે.

પ્રશ્ન : અમારા જેવા સામાન્ય જીવને સાધન કરવું પડે પણ મહાપુરુષોને પણ શા માટે સાધનભજન કરવું પડે?



પૂ. શ્રી : હું તમને પૂછું? તમારે ખાવું પડે? હા. કેમ? શરીર ટકાવવા? ન ખાઓ તો ન ચાલે? અન્નમય કોષ છે એટલે જીવન ટકાવવા ખાવું પડે. મોટલમાં પૈસા તો આવ્યા પણ તેને વધારવા કે તે પૈસાને ટકાવવાની જરૂર કે નહીં? એ રીતે શક્તિ તો છે પણ તેને વધારવાની છે. એ શક્તિને ટકાવી પણ રાખવાની છે. આત્મશક્તિ વધારવા જપ—તપ કરવાં પડે. આત્માનો ખોરાક જપ—તપ છે. શરીરને ટકાવવા તેનો ખોરાક અનાજ છે. મહાપુરુષો સહજ ભાવે સાધનભજન કરે છે. જે સાધનોથી પ્રભુ મળ્યા, સિદ્ધિ મળી તે સાધન તેઓ ચાલુ જ રાખે. ઘણાં પરીક્ષા પાસ કરવા પુસ્તકો વાંચે, ઘણાં પાસ થયા પછી શોખ ખાતર પણ વાંચતા જમાય છે. મહાપુરુષોએ જે સાધના કરી છે તેને અનુરૂપ જ જીવન જીવે ને! લોકકલ્યાણ અર્થે સાધન—ભજન મહાપુરુષો કરતાં જણાય છે.

શ્રી ભગવાનજીભાઇ : અમે ત્રણ માળા કરીએ છીએ, સહજાત્મ સ્વરૂપ પરમગુરુ.

પૂ. શ્રી : ઉપનિષદ અને વેદમાં આ બંને વાક્યો આવે છે. આત્મા વૈ ગરુઃ—આત્મા તે ગુરુ છે. સસર્વેષામ્ અપિગુરુ—બધાનો જ, પહેલેથી જ, અનંતકાલથી આત્મા ગુરુ છે.

આત્માનું સહજ સ્વરૂપ કયું? સત્, ચિત્ત, આનંદ.

સત્ય તરફ લઇ જાય તે સત્. આત્માનું તે સહજ સ્વરૂપ સત્ દરેકના હૃદયમાં રહેલું છે. ચોર ચોરી કરવા જાય છે ત્યાં જ હૃદયમાં રહેલું આત્માનું સત્ સ્વરૂપ કહે, 'એ કામ સારુ નથી.' તોપણ ચોર કહે, 'ચોરી કરી લઉં. આત્મતત્ત્વ કહે, ચોરી કરે તો પરિણામ સારુ ન આવે. ચોર કહે, પૈસા મળે છે.' આત્મા હંમેશા પોતાનો અવાજ રજૂ કરે. જેલમાં જવું પડે એવા ચોરના

સંસ્કારો બળવાન હોય તો ચોરી કરવા જાય જ. ખરાબ સંસ્કારો મન પર પડ્યા હોય તો આત્માનો જે સત્ તરફ લઈ જનારો જે અવાજ છે તે દબાઈ જાય છે. દયારામે કહ્યું : મન તણો ગુરુ મન કરીશ તો સાચી વસ્તુ જડશે. આપણા મનનો ગુરુ આપણો આત્મા જ છે. ઘણામાં તે અવાજ દબાયેલો રહે છે.

આત્માનું જે સહજ સ્વરૂપ છે તે જ ગુરુ છે.

શ્રી ભગવાનજીભાઈ : બીજી માળા કરીએ છીએ; આત્મ-ભાવના ભાવતા જીવ લહે કેવળ જ્ઞાન રે.

પૂ. શ્રી : કોઈ પણ વસ્તુ ભાવનાની ક્રિયા ચાખ્યા પછી જ થાય ને! ચાખવું ને ગમવું પછી ભાવનાની વાત થાય. હું શરીર નથી, પ્રાણ નથી, ઇન્દ્રિય નથી. મને રાગ દ્વેષ નથી. હું શુદ્ધ છું, મુક્ત છું, બુદ્ધ છું. હું સદ્ચિદાનંદ સ્વરૂપ છું. આવી આત્મભાવના વારંવાર વાગોળવી. આપણા શરીરમાં બેઠેલો આત્મા આંખથી, કાનથી જુએ છે—સાંભળે છે, બોલે છે. આ શરીર એ એકલું ખોખું નથી. એ ખોખામાં અંદર બેઠેલો જે આત્મા છે તે જુએ છે. આ આંખ જોતી નથી, આ કાન સાંભળતા નથી, આ હાથ હાલતા નથી. એની અંદર જે બેઠો છે તેને લીધે જોવાનું, સાંભળવાનું, હાલવાનું બને છે.

આત્માનું દર્શન થતું નથી એ વાત ખોટી છે. આત્માનું દર્શન થાય જ છે. કોણ બોલ્યું? હોઠ બોલે છે? શરીર બોલે છે? અંદર બેઠેલો આત્મા જ જુએ છે. આત્મા જ બોલે છે. આત્મા જ સાંભળે છે. આત્મા જ હલાવે છે, ચલાવે છે.

સૌ કોઈના મુખમાંથી આત્માની જ વાણી નીકળી રહી છે. સૌ કોઈના શરીરનું હલન—ચલન આત્માની જ ક્રિયા છે. સૌમાં



તે આત્માનું દર્શન કરો. ખોખાં નહીં જુઓ. સર્વત્ર આત્મભાવ કેળવો.

એમ કહી પૂ. શ્રી પોતે સરોડામાં એક વાર ખેતર તરફ જતા હતા ત્યાં પગદંડી ઉપર સાપને જોયો. પૂ. શ્રીએ હાથ જોડ્યા, કહ્યું : હે નાગદેવતા! મને રસ્તો આપો. ને સાપ જતો રહ્યો! તે પ્રસંગ કહી સંભળાવ્યો. દેવપ્રયાગની કુટિયા પાસે રીંછો રાત રહેતાં. ત્યાંથી પસાર થવાનું બનતું ત્યારે ૐ ૐ ૐ બોલતા જવાનું બનતું. એ અંગે વિગતવાર વાતો કરે છે, પછી ફરી કહે છે :

આત્મભાવના કરો. સૌમાં આત્મભાવનો અનુભવ કરતાં કરતાં વિશુદ્ધ જ્ઞાન પામશો.

મુલાકાતનો સમય પૂરો થતાં પૂ. શ્રી પોતે ઉતારા ઉપર આવી જાય છે. આજે ખીચડી, કઢી, શાકનું ભોજન લેવાનું બને છે. પૂ. શ્રી થોડી વાર સર્વેશ્વરીની ડાયરીનું વાંચન કરે છે, પછી આરામ કરે છે.

સાંજે એક કલાક પૂ. શ્રી લેખન કરે છે. સર્વેશ્વરી ડાયરીની નોંધ કરી 'અધ્યાત્મ' માસિકના ગ્રાહકોની યાદીનું કામ કરે છે. સાંજે અડધો કલાક ધ્યાનની બેઠક બાદ આજે પ્રવચન માટે હોલમાં જવાનું બને છે. હોલમાં મંદિર પણ બનાવવાની તૈયારી ચાલી રહી છે. મંચ ઉપર એક સફેદ ને એક લાલ રંગની બેઠક તૈયાર થાય છે. જેના ઉપર પૂ. શ્રી ને સર્વેશ્વરી બેસે છે.

એ ભાઈબેનો ફૂલહાર ને ફૂલના ગુચ્છ સાથે સ્વાગત કરે છે. શ્રી ઈશ્વરભાઈ પૂ. શ્રીનો પરિચય આપે છે. ભજન ગવાય છે. પ્રવચન શરૂ થાય છે. પ્રવચન બાદ ઉતારા પર આવી આરામ. હરિઃ ૐ.

**તા. ૧૨–૧૨–૮૧ શનિવાર, માગસર વદ એકમ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટા એના, કેલીફોર્નિયા, અમેરિકા.**

સવારે પૂ. શ્રી સમય પ્રમાણે ઘડિયાળના કાંટે નિત્યકર્મ શરૂ કરી દે છે. મંત્રજપ, વ્યાયામ, લેખનકાર્ય થઇ ગયું. સાડા અગિયારે પૂ. શ્રી સામેના બેઠક રૂમમાં આવી જાય છે.

આજે સત્સંગની એ બેઠકમાં નેબ્રાસ્કાથી ફોન આવે છે. એક બેનને પૂ. શ્રી પાસે મંત્ર લેવો છે. પૂ. શ્રી ફોનથી તેમને મંત્ર પ્રદાન કરે છે. આજની બેઠકમાં પૂ. શ્રીની સેવામાં રહેવા આવનાર વિવિધ પ્રકારના ભાઇબેનોની વાતો થાય છે. વળી શ્રી ભગવાનજીભાઇ પ્રશ્ન પૂછે છે :

પ્રશ્ન : પરમગુરુ નિગ્રંથ સર્વજ્ઞ દેવ– એ મંત્ર સમજાવો.

પૂ. શ્રી : નિગ્રંથ એટલે ગ્રંથી વિનાના.

વિદ્યતે હૃદયે ગ્રંથી છિદ્યન્તે સર્વ સંશયાઃ

વાસના, મોહિની, અવિદ્યાની ગાંઠ સામાન્ય જીવોમાં છે તે બધી ગાંઠથી તે દુઃખી છે. જેની ગાંઠ તૂટી ગઇ છે તે પરમગુરુ!

ગાંઠ હૃદયની જ્ઞાન વિના ગળશે નહીં રે,
સદ્‌ગુરુના શરણ વિના અજ્ઞાન તિમિર ટળશે નહીં રે.

ગાંઠ આત્માને નથી. ગાંઠ બધી મનમાં છે. આત્મા છે તે પરમગુરુ છે. તે ગ્રંથી વિનાનો છે. ત્યાં રાગ નથી, દ્વેષ નથી, અહંકાર નથી, તૃષ્ણા નથી. એટલે કહે છે–પરમાત્મા છે તે ગાંઠ વિનાના છે. બંધન વિનાના, ક્રોધ વિનાના, ભય વિનાના, મોહ વિનાના છે. 'સર્વજ્ઞ' એટલે સર્વને જાણનારા.

એ સર્વજ્ઞાનનું બીજ છે. જીવ અલ્પજ્ઞ છે. આત્મા સર્વજ્ઞ છે. 'સર્વજ્ઞ'ના બે અર્થ થાય છે. એક જે સર્વને જાણી લે છે તે અને બીજો અર્થ જેને જાણવાથી સર્વનું જ્ઞાન થઇ જાય. જે એવી વસ્તુને, એ આત્માને જાણી લે તે સર્વજ્ઞ છે.



ગોટલાને જાણી લો એટલે આંબાને જાણો. જે પિંડમાં છે તે જ બ્રહ્માંડમાં છે. સર્વલોકમાં જે જાણવા જેવું છે તે જાણે છે. આત્મા સર્વજ્ઞ છે. એમાં આખા વિશ્વનું જ્ઞાન છે. તે આત્મા દેવોનો દેવ છે. અગ્નિ, વાયુ, વરુણ, ધરતી એ દેવો ગણાય છે. પણ સૌથી મોટો દેવ આત્મારૂપી દેવ છે. આત્મા સિવાય સૂર્ય પણ ટકે નહીં. પથ્થરમાં પણ આત્મા છે પણ તે છૂપાયેલો છે. માનવમાં પણ આત્મા છે તે જોવાય, અનુભવાય–વાણીથી, આંખથી.

દેવ એટલે શું? જેનામાં દિવ્યતા છે તે. આત્માની અંદર દિવ્યતા છે. આત્મામાં નિર્ભયતા છે. આત્માને જન્મ–મરણ, કષાયના સ્પર્શ નથી. એ અલૌકિક છે. જે વસ્તુમાં આત્મા પ્રવેશ પામે તેને ચિન્મય બનાવે છે. આત્માથી તે ચિન્મય બને છે.

વાર્તાલાપ પૂરો થતાં પૂ. શ્રી ઉઠે છે. બહાર આવે છે. ત્યાં પૂ. શ્રીને ખુરશી પર બેસાડીને ફોટા લેવામાં આવે છે. આજે ભોજનમાં ખીચડી, શાક લેવામાં આવે છે. ભોજન બાદ પૂ. શ્રી થોડો આરામ કરી સાંજે લેખનકાર્ય કરે છે. આજે સાંજે ધ્યાનની બેઠક પછી શ્રી ભગવાનજીભાઇને પૂ. શ્રી પ્રશ્ન પૂછે છે :

પ્રશ્ન : ધ્યાનમાં મન સ્થિર થાય છે ને?

શ્રી ભગવાનજીભાઇ : મન સ્થિર થતું નથી. જુદા જુદા સ્થાનોમાં દોડી જાય છે.

પૂ. શ્રી : ધીમે ધીમે સ્થિર થશે. હજી તો તમે ધ્યાન કરવાની શરૂઆત કરી ને! અભ્યાસ વધતાં સ્થિર થવાશે. તમે ખુલ્લી આંખે ધ્યાન શરૂ કરો. ખુલ્લી આંખ થોડી વાર પછી બંધ કરો.

વળી વિચાર આવવા લાગે તો આંખ ખુલ્લી રાખી ઈષ્ટદેવની મૂર્તિ જોયા કરો. એમ કરતાં કરતાં આંખ બંધ કરશો તો લાંબે ગાળે એ મૂર્તિ સિવાય બીજું કશું જ ન દેખાશે. મનને મારવાનું, મનને જીતવાનું. મનને પ્રભુમાં જોડવાનું એ કાંઇ રમત વાત છે? એટલે વખત લાગે. નિરાશ ન થવાનું. અભ્યાસ ચાલુ જ રાખવાનો. ગૂંચ આવે તો સમાધાન મેળવો. વળી આગળ ચાલો.

શ્રીમદ્ રાજચંદ્રનાં પુસ્તકો વાંચો તો જણાશે કે તેમણે પણ શું ઓછું કર્યું હતું! એઓ તો સર્વોત્તમ સંસ્કારો લઈને આવેલા. છતાં એટલું કરવાનું રહ્યું. તમે પણ સંસ્કારો લઈને જ આવ્યા છો. તો જ તમને સત્સંગમાં રસ પડે. ધ્યાનમાં બેસવાની ઈચ્છા થાય. એ જ બતાવે છે કે પૂર્વના સંસ્કારો છે જ. હજી તો ધ્યાન કરવાની શરૂઆત હમણાં જ કરી ને? એટલે વાર લાગશે. મહાપુરુષોના જીવનના તપ વાંચીને તિરાશી માંડી જુઓ. તો થોડું તો કરવું જ પડશે ને! નિરાશ ન થવું. અભ્યાસ ચાલુ જ રાખજો.

ત્યાં તો પ્રવચનમાં જવાનો સમય થયો. જેથી અહીંથી ૧૭ માઇલ દૂર પ્રવચન સ્થળે જવાનું બન્યું. ફૂલહારથી સ્વાગત થયું. પ્રવચન ભક્તિયોગ ઉપર શરૂ થયું. પ્રવચન બાદ સર્વેશ્વરીએ બે ભજનો ગાયાં. આરતી થઈ—'આનંદ મંગલ કરુ આરતી, હરિ ગુરુ સંતની સેવા'—એ શબ્દો હતા. આરતી બાદ પ્રસાદ વિતરણ થયું, સૌ છૂટા પડ્યા. ઉતારા પર આવતાં માર્ગમાં તલોદ, રાજપીપળાના પ્રવચનના પ્રસંગોની વાત થઈ.

ઉતારા પર આવી પૂ. શ્રીએ મમરાનો નાસ્તો કર્યો, દૂધ પીધું. ત્યાર બાદ સર્વેશ્વરી સાથે ધ્યાનમાં બેઠા. પછી આરામ કર્યો. હરિઃ ૐ. (ક્રમશઃ)



### સ્વર્ગારોહણમાં

# અનાજ અને ગરમ વસ્ત્ર વિતરણના સેવાયજ્ઞો

નારાયણ હ. જાની

## સેવાયજ્ઞ—૧ તા. ૨૧—૧૨—૦૬

તા. ૨૧ ડીસેમ્બરના રોજ સ્વર્ગારોહણના પ્રાંગણમાં અપંગ, અનાથ, અસહાય પરિવારના સભ્યોને ખાસ અન્ન સહાય માટે આમંત્ર્યા છે. તેઓ દરેકને ૨૦ કીલો ઘઉં ને ૫ કીલો ચણા—ખાસ થેલીઓમાં પેક કરીને આપવામાં આવે છે. આ માટેનો આર્થિક સહયોગ શ્રી મંજુલાબેન ભક્ત, અંભેટીવાળા પાસેથી પ્રાપ્ત થયો છે. પૂ. માની ઉપસ્થિતિમાં આ વિતરણ થાય છે. તો સાથે સાથે દરેકને ધાબળો, શેત્રંજી, ટુવાલ, સ્ટીલની થાળી વાટકી, પ્યાલો ને ચમચી તેમ જ પ્રસાદ આપવામાં આવે છે.

આ ઉપરાંત દરેક લાભાર્થીને રૂા. ૫૦ રોકડા પણ આપવામાં આવે છે, જેથી તેઓ પોતાને ગામ આ વજન સાથે વિના તકલીફ પહોંચી શકે.

પૂ. માની એ પ્રલાણિ રહી છે કે દાતા—લેનારને વંદન કરી દરેક વસ્તુ આપે. વૃદ્ધ અને અશક્ત વ્યક્તિઓને સાધક ભાઇ બહેનો તેમનું અનાજ વગેરે ઊચકીને સ્વર્ગારોહણના દરવાજા સુધી પહોંચાડી આપે છે.

## સેવાયજ્ઞ—૨ તા. ૨૨—૧૨—૦૬

તા. ૨૨મીના રોજ આદિવાસી ગ્રામ્ય શાળાઓના ૨૦૦ જેટલા બાળકોને સ્વર્ગારોહણમાં પૂ. માની ઉપસ્થિતિમાં ગરમ

સ્વેટર–ટોપી, દફતર કીટ ને પ્રસાદ વગેરે વહેંચવામાં આવે છે. આ માટેનો આર્થિક સહયોગ શ્રી સીતારામભાઇ અને કુસુમબેન ભક્ત તરફથી પ્રાપ્ત થયો છે. શિયાળાની ઠંડીમાં આવાં સરસ વસ્ત્રોની તો આ બાળકો કલ્પના પણ ક્યાંથી કરી શકે! પૂ. મા સ્વર્ગારોહણમાં વસ્યાં તો આ શક્ય બન્યું છે.

આજના દીપ પ્રાકટ્યનો લાભ શ્રી સીતારામભાઇ, શ્રી કુસુમબેન ઉપરાંત પાર્થ, પૂજા તેમજ શ્રી બિપીનભાઇ તન્નાને મળ્યો હતો.

શ્રી સીતારામભાઇએ આ સત્કર્મમાં સહાયરૂપ થવા પૂ. માએ તક આપી તે બદલ ખુશી વ્યક્ત કરી, તે સાથે ઉમેર્યું કે વિકલાંગો માટેનો આવો કેમ્પ નવસારી ખાતે યોજાય તો ત્યાંના લોકોને તેનો લાભ મળે.

શ્રી પાર્થે પોતાના નાના તરફથી થઇ રહેલ આ સત્કર્મ બદલ ખુશી વ્યક્ત કરી હતી.

## સેવાયજ્ઞ–૩ તા. ૨૩–૧૨–૦૬

તા. ૨૩ ના રોજ અન્નવિતરણનો કાર્યક્રમ અહીં પૂ. માની ઉપસ્થિતિમાં પ્રયોજાયો છે. ૧૦૮ જેટલા અપંગ, વૃદ્ધ ભાઇઓ ને વિધવા બેનોને આનો લાભ પ્રાપ્ત થયો છે. આ માટેનો આવશ્યક આર્થિક સહયોગ શ્રી પ્રભુભાઇ અને રૂક્ષ્મણિબેન તરફથી પ્રાપ્ત થયો છે. લાભાર્થીઓને અન્નની સાથે સ્વર્ગા-રોહણની પ્રણાલિ પ્રમાણે કામળો, શેત્રંજી, ટુવાલ ને પ્રસાદ પણ મળ્યાં છે.

આ સેવાયજ્ઞોમાં પરદેશથી આવેલ બાળકોને પૂ. મા પ્રથમ પસંદગી આપે છે. તેઓ પણ હોંસે હોંસે આ સેવા બજાવે છે. આ રીતે પૂ. મા શ્રમ અને સેવાના પાઠો તેમને શીખવે છે. પૂ. માની આ પ્રત્યક્ષ શિક્ષણની પદ્ધતિ છે, કેવી સરસ વાત!



## સેવાયજ્ઞ–૪ તા. ૨૫–૧૨–૦૬

આવો જ એક બીજો અનાજ વિતરણનો સેવાયજ્ઞ તા. ૨૫–૧૨–૦૬ ના રોજ શ્રી સુશીલાબેન મોહનલાલ ભક્ત અને સંજયભાઇના મિત્ર મોહનલાલ મરચન્ટના આર્થિક સહયોગથી થયો. તેના લાભાર્થીઓની સંખ્યા ૧૦૯ જેટલી હતી. તેમાં પણ ઉપર પ્રમાણે અનાજ તેમ જ બીજી બધી વસ્તુઓ લાભાર્થીઓને આપવામાં આવી. પૂ. માની નમ્રતા તો જુઓ. પૂ. મા પણ આ લાભાર્થીઓની પ્રદક્ષિણા કરી સહુને વંદન કરી લે છે. જે સાધકોએ આ પરિવારોનો સર્વે કરવા અંગે મહેનત ઉઠાવી છે, તે સહુને પણ યાદ કરી પૂ. મા દીપ–પ્રાગટ્યમાં સામેલ કરે છે.

પૂ. માના વિદેશથી આવેલ ભક્ત શ્રી પી. કે. અને શ્રી ગીતાબેનના દીકરાને ત્યાં દીકરાનો જન્મ થયો હોવાથી, સહુને સરસ પેંડાનો પ્રસાદ, પૂ. માની આજ્ઞા લઇ, વહેંચે છે. તો વળી પૂ. શ્રી યોગેશ્વરજીના સૌથી છેલ્લા કાંદવલીના તા. ૧૮–૩–૮૪ ના યજમાન શ્રી બાબુભાઇ મહેતાની દીકરી તેના વેવિશાળ પછી પૂ. માને પ્રણામ કરવા ને આશીર્વાદ લેવા પધારી છે. તો તેને શ્રી ગીતાબેને અર્પણ કરેલી ચૂંદડી ઓઢાડી દઇ પ્રસાદ વગેરેથી પુરસ્કૃત કરી–તેને આશીર્વાદ આપે છે. જાણે નરસિંહ મહેતાએ ગાયું છે કે "કોઇનો ભાર ના રાખે મુરારિ, આપે વ્યાજ સાથે સૌ વાળી," એ ઉક્તિનું દર્શન જાણે પૂ. માએ કરાવ્યું.

## સેવાયજ્ઞ–૫

તા. ૨૭–૧૨ ના રોજ વિદેશથી આવેલ શ્રી બિપીનભાઇ અને ઉર્મિલાબેનના સંતાનો શ્રી અમિતભાઇ અને આરતીબેન

તરફથી બીજોલ ફળી પ્રાથમિક શાળાના કુલ ૭૫ બાળકોને ગરમ વસ્ત્ર અને દફતર, સ્ટીલના બાઉલ પ્રસાદ વગેરે વિતરણ કરવામાં આવ્યાં. આ શાળા અહીંથી લગભગ ૫૦ કિ. મી. જેટલી દૂર પછાત વિસ્તારમાં આવેલી છે.

આજે બિપીનભાઇનો જન્મદિન છે, તેથી સાધકો પૂ. માએ રચેલ આશીષનું ગીત ગાઇ, જન્મદિનની શુભ કામનાઓની અભિવ્યક્તિ કરે છે.

આ પ્રસંગે શ્રી સુરેશ શાહે જણાવ્યું કે પૂ. શ્રી અને પૂ. માનું જીવન અને કાર્ય 'વન્ડરફૂલ' અને 'એમેજીંગ' એટલે બન્યાં છે કે તે કરવા પાછળ તેઓએ ખૂબ પરિશ્રમ અને સાધનાનાં કષ્ટો વેઠ્યાં છે. વિકલાંગોને પૂ. માએ પગ આપીને—તેઓમાં આત્મશ્રદ્ધા જગાવી, તેઓની પંગુતાનો ક્ષોભ દૂર કર્યો છે. વળી બીજાઓની જેમ આપણે પણ આધ્યાત્મિકતાની દૃષ્ટિએ પંગુ જ હતા પરંતુ પૂ. મા અને પ્રભુએ આપણી તે પંગુતા દૂર કરી, તે મોટો ઉપકાર છે.

શ્રી વિજયભાઇ કનેરિયા : અહીં દરિદ્રનારાયણોની જે ભાવપૂર્વક સેવા થઇ છે, તે દૃષ્ટિ બીજે જોવા મળતી નથી.

શ્રી અજય કલોલાએ કહ્યું કે પૂ. માને અને તેઓના દૃષ્ટિકોણને સમજવું એ જ આપણે માટે શાસ્ત્ર છે. વિકલાંગો કે દર્દીઓને ઇજ્જત આપવાનું પૂ. મા આપણને શીખવે છે.

આ બધા જ સેવાયજ્ઞોનું સંકલન અને સંચાલન પૂ. માની દોરવણી મુજબ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી રાજુભાઇ જાનીએ કર્યું હતું. શ્રી મહાલતાબેને કહ્યું કે પૂ. માની કૃપાથી જ હું તેમનું સાન્નિધ્ય પામી છું. પૂ. શ્રીને હાર્ટ એટેક આવ્યો ત્યારે તેઓની થોડી સેવાનો સુઅવસર મળેલો. પૂ. માની કૃપાથી જ આ ઉમ્મરે હું દશરથાચલની યાત્રા કરી શકી.



જ્યોત્સ્નાબેન—અહીં સ્વર્ગારોહણમાં પૂ. માની અનુપસ્થિતિમાં પણ સેવાયજ્ઞો થતા રહે છે તે કરતાં પૂ. મા અને પ્રભુની હાજરી અનુભવાય છે. પૂ. માની ડાયરી એ સરસ ભાગવતની ગરજ સારે એવું શાસ્ત્ર છે. વિકલાંગોને માએ અંગવાળા કર્યા છે. પૂ. માના હરેક કાર્ય પાછળ પૂ. ગુરુદેવનું બળ રહેલું છે. એટલે તેઓનાં કાર્યો આપણને ઘણું શીખવી જાય. જો આપણે જાગ્રત થઇ જોતા રહીએ તો સૌથી મહત્ત્વની વાત એ છે કે પૂ. મા—આપણને ઉત્તમ માણસ કેમ બનાય તે શીખવી રહ્યાં છે.

## સેવાયજ્ઞ—૯ તા. ૨૯—૧૨—૦૬

વિદ્યાર્થીઓને ગરમ સ્વેટર—ટોપી તેમ જ દફતર વહેંચણીના સેવાયજ્ઞો.

આવા સેવાયજ્ઞો સ્વર્ગારોહણમાં તા. ૨૦ પછી ચાર થયા. આ યજ્ઞના લાભાર્થી ૩૦૦ જેટલા વિદ્યાર્થી ભાઇબેનો હતાં. તેના આર્થિક સહયોગી હતા મહેન્દ્રભાઇ ભક્તની પુત્રીઓ—ગોપી અને ગાર્ગી, તેમ જ ગજેન્દ્રભાઇ ભક્તની પુત્રી હેમાલી અને પુત્ર ઉજ્જ્વલ. આ બધા વિદ્યાર્થીઓ છે. પરંતુ તેમના માતા—પિતાએ આ સત્કર્મો કરવામાં તેમને નિમિત્ત બનાવ્યા છે. તેઓની ભાવના છે કે એ રીતે આ બાળકોમાં પણ યોગ્ય પાત્રોને દાન આપવાની વૃત્તિ કેળવાય.

આ બાળકોને પણ આવી સહાય આપવાનું મન—અગાઉની વિડીઓ જોઇને થયું. તેથી તેઓ આ માટે ખાસ ભારત આવ્યાં છે. તેમની ભાવના ખરેખર પ્રશસ્ય છે. ઇચ્છીએ કે મોટા થઇ તેઓ પૂ. મા દ્વારા થતાં માનવતાના આવા સેવાયજ્ઞોમાં પોતાનો સાથ ધરે.

## સેવાયજ્ઞ–૭ તા. ૨૮–૧૨–૦૬

તા. ૨૮–૧૨નો સેવાયજ્ઞ–શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ટોરોન્ટો, કેનેડા તરફથી હતો. તેના લાભાર્થીઓની સંખ્યા ૪૪૬ ની હતી. તે ઉપરાંત ૧૨ શિક્ષકોને પણ ભેટો આપી સન્માન્યા હતા. તેઓ અહીંથી ૨૫ કિ. મી. દૂર આવેલ કેસરપુરા ગામની શાળાનાં બાળકો હતાં. પૂ. માની કૃપાથી આ બાળકો ગરમ સ્વેટર–માથે ટોપી કે સ્કાર્ફ–દફતર સ્ટીલનો વાટકો ને પ્રસાદમાં ચીકી, ચેવડો ને બીસ્કીટ પામ્યાં. સ્ટીલનો વાટકો ને ચવાણુ શ્રી પ્રભુભાઇ તન્ના તરફથી તેમના જન્મદિન નિમિત્તે તેમના હાથે આપવામાં આવ્યો.

આજનું દીપપ્રાગટ્ય–કેનેડા ધ્યાન કેન્દ્રના સભ્યો શ્રી સુરેશભાઇ, વિમળાબેન, શ્રી પ્રભુભાઇ ને રૂક્ષ્મણિબેન તેમ જ શ્રી જગુભાઇ ને નીરૂબેનના બસ્તે પૂ. માની ઉપસ્થિતિમાં થયું.

શ્રી સુરેશભાઇ શાહે ટોરેન્ટો ધ્યાનકેન્દ્રની સ્થાપનાની વિગતો આપી, આ વર્ષે તે કેન્દ્ર ૨૫ વર્ષ પૂરાં કરે છે તે જણાવ્યું. આ કેન્દ્ર કેમ ચલાવવું તેની તાલીમ પૂ. શ્રી ગુરુદેવ તેમ જ પૂ. માએ તેઓને આપી છે. પૂ. માના આશીર્વાદ અને સભ્યોના સહકારથી આ બધું જનસેવાનું કાર્ય થઇ રહ્યું છે. પૂ. માએ અમો સહુને તે માટે નિમિત્ત બનાવ્યા છે. તે બદલ આભાર. પૂ. મા અને પ્રભુનો ખૂબ ખૂબ આભાર.

✡



# સ્વર્ગારોહણના આંગણેથી

**તંત્રી**

વિકલાંગોને ટ્રાયસીકલ આપવાનું સર્વમંગલ ટ્રસ્ટે વિચાર્યું હતું. આ ટ્રાયસીકલો ભગવાન મહાવીર વિકલાંગ સમિતિની જયપુરની વર્કશોપમાં જ બને છે. પ્રથમ તબક્કામાં આવી ૨૪ ટ્રાયસીકલો મંગાવવામાં આવી હતી, જેની પાંચ પાંચ સાયકલો માટેની આર્થિક સહાય શ્રી અનંતભાઇ, શ્રી સીતારામભાઇ ભક્ત, શ્રી પરમાર્થી તેમ જ શ્રી નારાયણભાઇ જાની પરિવાર તરફથી મળી હતી બાકીની ૪ સાયકલોની આર્થિક સહાયક ગોવા નિવાસી શ્રી શોભાબેન ગજાનન તરફથી મળી. ટ્રસ્ટે તે સહુનો ખૂબ આભાર માન્યો.

★ ★ ★

કેનેડા નિવાસી શ્રી અશોકભાઇ પાઠક પણ પરિવાર સાથે પૂ. માના દર્શન માટે ઉડતી મુલાકાતે આવી ગયા. પૂ. માના આદેશથી તેઓએ પ. પૂ. દાજી પ્રભુ અને મંજુસરના મહાત્મા પૂ. મુગટરામ મહારાજના જીવનના તેમ જ પૂ. શ્રી યોગેશ્વરજી સાથેના પ્રસંગો–સાધકોને કહ્યા. શ્રી અશોકભાઇ અને શ્રી અજીતભાઇ પૂ. શ્રી મુગટરામ મહારાજની દીકરીના પરિવારના સભ્યો છે ને કેનેડામાં સ્થાપી થયા છે.

શ્રી મનોરમાબેન અને શ્રી અશોકભાઇએ પૂ. યોગેશ્વરજી અને પૂ. મામાં તેઓ પોતાના ગુરુની ઝાંખી કરે છે, તેવો ભાવ દર્શાવી, પૂ. માની પ્રશસ્તિ કરી.

★ ★ ★

**શ્રી આનંદને આશીર્વાદ**

પૂ. માના મુંબઇના યજમાન શ્રી મધુભાઇ ભટ્ટના સુપુત્ર

શ્રી આનંદને પણ એના વિદેશ પ્રયાણ નિમિત્તે આજે પૂ. મા આશીર્વાદ આપે છે. આનંદની વિશેષતા એ રહી છે કે તે બેત્રણ મહિને એકવાર સ્વાર્ગારોહણ આવીને સવાલક્ષ જપની સાધના કરી જતો. યુવાનીમાં આવો વિચાર કોઇને ભાગ્યે જ આવેને! તેમ જ ચિ. આનંદે ગઇ કાલે રાત્રે ૨૫ મીએ પૂ. મા—પ્રભુને એક હજાર પ્રણામ કરેલા. તેથી જ પૂ. માને આનંદ જેવા નિર્વ્યસની ને સાધના પરાયણ યુવાનો ગમે તે સ્વાભાવિક છે.

**શ્રી સુરેશભાઇ ને વિમળાબેનના જીવનનાં ૫૦ વર્ષ**

ગરમ વસ્ત્ર વિતરણના કાર્યક્રમ પછી પૂ. માએ કાર્યક્રમ સાંજે ૫ સુધી લંબાવી—શ્રી સુરેશભાઇ અને શ્રી વિમળાબેનનાં લગ્નને ૫૦ વર્ષ પૂરાં થયાં છે, તે બદલ સાધકોએ પૂ. માની ઉપસ્થિતિમાં—તેઓનું હવે પછીનું લગ્નજીવન ખૂબ પ્રેમ અને સેવાપરાયણ બની રહો તેવી શુભકામના દર્શાવી હતી.

શ્રી નારાયણભાઇ જાનીએ તેઓનું હવે પછીનું લગ્નજીવન પ્રભુ અને સેવાપરાયણ બની રહો—તે કામનાની સાથે સાથે સુદીર્ઘ ને સ્વસ્થ આરોગ્યની પ્રાપ્તિ થતી રહે—તેવી પૂ. મા—પ્રભુને પ્રાર્થના કરી હતી.

આ શુભ અવસરના ઉપલક્ષ્યમાં પૂ. માએ પ્રસાદમાં ખાસ સ્વાદિષ્ટ આઇસ્ક્રીમ ખવડાવી—સહુને પોતાના હાથે પ્રસાદ આપી પરિતૃપ્ત કર્યા હતા.

આજે તા. ૨૮ મીએ પૂ. માએ કાર્યક્રમમાં ને સાધકો વચ્ચે છ કલાક જેટલા દીર્ઘ સમયપર્યંત—એકધારાં ઉપસ્થિતિ રહી સર્વ સાધકોને—આનંદવિભોર બનાવી દીધા હતા.

**ભોજન**

તા. ૨૦ થી ૨૬ સુધી દર્દીઓ તેમ જ સાધકોને મિષ્ટાન્ન ભોજન વિવિધ વ્યક્તિઓ તરફથી તેમ જ કેમ્પના આર્થિક



સહાયકો તરફથી અપાયું હતું. તા. ૨૧ નું ભોજન શ્રી મંજુલાબેન ભાવસાર તરપથી હતું. તો તા. ૨૦ મીનું ભોજન શ્રી પ્રેરણાબેન વિનોદભાઇ પટેલ તરફથી બેંકમાં જોબ મળવા-ની ખુશાલીમાં પ્રયોજાયું હતું. બાકીના બધા દિવસોનું ભોજન વિકલાંગ કેમ્પના દાતાઓ તરફથી હતું.

ભારતીય નૃત્યમાં વિશારદ એવી શ્રી મીનળબેન છેક સીંગાપોરથી તેના પતિ સાથે આવી છે. તે યોગેશ્વર પરિવારની જ છે. નૃત્ય શીખવવા માટે તે સીંગાપોરમાં જોબ કરે છે. તેણે નૃત્યના બે સરસ કાર્યક્રમો પૂ. મા સમક્ષ રજૂ કરી કૃતકૃત્યતા અનુભવી. તો એ નિહાળી સાધકો ભાવવિભોર બની આનંદ પામ્યા.

★ ★ ★

શ્રી અરૂણાબેન ભક્તને પણ સેવાયજ્ઞમાં સહાયરૂપ થવાની ઇચ્છા થઇ. તો તેઓ તરફથી અનાજ વિતરણના કાર્યમાં સ્ટીલની તપેલી આપવામાં આવી.

વળી એક વિકલાંગ ભાઇનો જયપુર ફૂટ પહેરીને આત્મ-વિશ્વાસ વધી જતાં—તેમણે જાહેર કર્યું કે હું હવે સાયકલ પણ ચલાવી શકું. આથી સ્વર્ગારોહણમાંની એક સાયકલ તેમને આપતાં ખૂબ સરસ રીતે તેઓએ ચલાવી. તો શ્રી અરૂણાબેન તરફથી તેમને સાયકલ ભેટ આપવામાં આવતાં—જોનાર સહુ ખુશીથી ૐ યોગેશ્વરાય નમઃ તેમ પોકારી ઉઠ્યા. પૂ. માની કૃપાનું જ આ પરિણામ હોય તેમ સૌને લાગ્યું.

★ ★ ★

બાળકોને ગરમ વસ્ત્ર વિતરણ વખતે પૂ. મા સાથે સહુનો ગ્રૂપ ફોટો પણ પાડવામાં આવતો. આ દૃશ્ય ખૂબ મજાનું લાગતું. લાલ સ્વેટરધારી બાળકો વચ્ચે શ્વેત વસ્ત્રધારી મા શોભી ઊઠતાં. શિક્ષકો ને દાતાઓનો પણ તેમાં સમાવેશ થતો. ★

# સ્વર્ગારોહણમાં સેવાયજ્ઞોની પરંપરા

નારાયણ હ. જાની

૫. પૂ. મા શ્રી સર્વેશ્વરી—જેમ સાધના અને સેવાની પરંપરારૂપ બન્યાં છે, તેમ સ્વર્ગારોહણ પણ સાધના તો ખરી જ પણ સાથે સાથે સેવાનું બીરૂદ પામ્યું છે. એટલે જ તો તા. ૨૦—૧૨—૨૦૦૬થી તા. ૨૮—૧૨—૨૦૦૬ સુધી આ સ્થળમાં સેવાયજ્ઞોની પરંપરા એકધારી પૂ. માની પ્રેરણાથી ચાલતી જ રહી.

અગાઉ જાહેર કર્યા પ્રમાણે તા. ૨૦—૧૨ થી તા. ૨૬—૧૨ સુધી (૭ દિવસ) કૃત્રિમ પગ (જયપુર ફૂટ) કેલિપર્સ, ટ્રાયસીકલ અને બગલઘોડી માટે વિતરણ સેવા યજ્ઞ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી પ્રયોજવામાં આવ્યો હતો. આ આયોજનમાં સહભાગી બનનાર સંસ્થા હતી—ભગવાન મહાવીર વિકલાંગ સહાયક સમિતિ, એસ. એચ. હોસ્પીટલ, જયપુર. આ સેવાયજ્ઞના આર્થિક સહાયકો નીચે પ્રમાણે રહ્યા. ૧. શ્રી નયનાબેન—જગદીપભાઈ ભક્ત ૨. શ્રી કંચનબેન ભગવાનજીભાઈ ભક્ત ૩. શ્રી પુષ્પાબેન—નિરંજનભાઈ અને ૪. શ્રી ઉર્મિલાબેન—જયંતીભાઈ પટેલ. આ ચારે પરિવારો વિદેશ—અમેરિકા અને કેનેડામાં વસે છે. પૂ. મામાં ખૂબ શ્રદ્ધા ભક્તિ ધરાવે છે એટલું જ નહિ, પણ આ સેવા યજ્ઞમાં તેઓ સૌ જાતે ઉપસ્થિત રહેશે એ શરતે જ પૂ. માએ તેમનું દાન સ્વીકાર્યું છે. તેથી તેઓ સહુ વિદેશથી ભારતમાં અંબાજીના સ્વર્ગારોહણમાં ખાસ પધાર્યા છે.



આ સેવાયજ્ઞ માટે જયપુરની સંસ્થાએ પોતાની વર્કશોપનો એક ખાસ વિભાગ જ સ્વર્ગારોહણ મોકલ્યો છે. તેના મુખ્ય કાર્યકર્તા શ્રી માનસિંહજી અને શ્રીસતીશજી છે, જેઓ આ સંસ્થા સાથે છેલ્લા ૨૫ વર્ષોથી જોડાયેલા છે ને આખા ભારતમાં આવા કેમ્પોમાં જવાનો તેમનો અનુભવ છે. તેમના ૭ જેટલા સહાયકોમાં પાંચ વ્યક્તિઓ પોતે વિકલાંગ છે—જેમાના એક ભાઈના તો બન્ને પગ કપાયેલા છે, છતાં જયપુર ફૂટની મદદથી તેઓ સામાન્ય માણસની જેમ ચાલી શકે છે ને આ સંસ્થાના કર્મચારી બન્યા છે. બાકીના ચારને પણ એક એક પગ જયપુર ફૂટનો છે.

આ કેમ્પના ઉદ્‌ઘાટન સમારંભ માટે શ્રી કંચનબેન અને શ્રી ભગવાનજીભાઈ ખાસ આવી પહોંચતા, ૧૧ દીપો પ્રકટાવવામાં આવ્યા, જેમાં આ દાતાઓ ઉપરાંત પૂ. મા તથા કેનેડાનાં શ્રી અંજુબેન તલાટી તેમજ શ્રી રાજુભાઈ, શ્રી હેમલભાઈ વગેરે પણ જોડાયા.

શ્રી તરલાબેન દેસાઈએ પોતાના ઉદ્‌ઘાટન પ્રવચનમાં પૂ. માની એક વિરલ ત્યાગી વિભૂતિ તરીકેનો પરિચય આપતાં ઉમેર્યું કે સેવાયજ્ઞો અને સર્વેશ્વરી જાણે એક બીજાના પર્યાય બની ગયાં છે. વિકલાંગોને સહાય પહોંચાડવાનો પૂ. માનો આ પ્રયોગ ખરે જ આગવો છે. તેનાથી પંગુતાથી પીડાતા ભાઈબહેનો મુક્તિ પામી સ્વાવલંબી બની શકશે, તે મોટી ખુશીની વાત છે.

શ્રી કંચનબેન ભક્તે—આ સેવાયજ્ઞમાં તેમને જોડવા માટે પૂ. માનો ખાસ આભાર માન્યો, એટલું જ નહિ પણ ભવિષ્યમાં આવાં સત્કાર્યો કરાવતા રહેવા વિનંતિ કરી.

શ્રી જગદીપભાઇએ અપંગોને તિલક કરી પ્રસાદ આપ્યો. શ્રી રાજુભાઇ જાનીએ જણાવ્યું કે જયપુરથી આવેલ ટીમની કાર્યક્ષમતા રોજના ૧૫ જેટલાને જયપુર ફૂટ તેમ જ કેલીપર્સ બનાવવાની છે. તે પ્રમાણે આવેલ અરજીઓમાંથી છટણી કરી, અરજદારોને જુદી જુદી તારીખો આપવામાં આવી છે, જેથી એક જ દિવસે બધી ભીડ ના થઇ જાય. તે પ્રમાણે ૧૮૦ ના સ્થાને ૨૨૪ લાભાર્થીઓને આ સેવાનો લાભ મળ્યો છે. નવા આવતા અપંગોને પણ તપાસી સારવાર આપવામાં આવી. આ ઉપરાંત આવનાર દર્દીઓ તથા તેમની સાથે આવનાર સહુ માટે પણ ભોજન અને ઉતારાની વ્યવસ્થા સર્વમંગલ ટ્રસ્ટે કરી છે.

કેલિપર્સથી ચાલતા થનાર વ્યક્તિની સંખ્યા ૧૦૯ જેટલી હતી. તો જયપુર ફૂટથી ચાલતા થયેલા ભાઇબહેનોની સંખ્યા ૪૯ જેટલી હતી. બગલ ઘોડી ૩૫ ભાઇબહેનોને અપાઇ, તો ટ્રાયસીકલ ૨૪ ભાઇબહેનો માટે મંગાવાઇ હતી, જેમાંથી ૧૬ જણાઓને રૂબરૂમાં પૂ. માની ઉપસ્થિતિમાં અપાઇ. બીજાઓને તા. ૬–૧–૦૭ ના રોજ અપાશે.

દરેક દર્દી જ્યારે સાધન વડે ઉભા થઇ ચાલવાનો પ્રારંભ કરવાનો થતો તો પૂ. મા તેમને કુટિયા સુધી ચાલી પ્રભુને પ્રણામ કરવા કહેતાં. અરે, સાવ અપંગ વ્યક્તિઓને ઊભી થઇ ચાલતાં નિહાળતાં જ પૂ. માની ખુશીનો પાર ન રહેતો. ઉપસ્થિત સાધકો પણ ઝૂમી ઉઠતા અને પૂ. શ્રી અને પૂ. માની ધૂનો વડે અપંગોને ખૂબ પ્રોત્સાહિત કરતા. પૂ. માની કરૂણા અને વાત્સલ્ય આવા સમયે પરાકાષ્ટાએ પહોંચી જતાં. આ દીન, હીન, લાચાર અપંગોને પૂ. માએ કિમતી સહાય તો પહોંચાડી, સાથે પ્રેમ પણ એટલો જ આપ્યો. તે જોઇ જયપુરથી



આવેલી ટીમ તો આભી બની જતી. અરે, વિદાય વખતે તેમને કામળો, શેત્રંજી, ટુવાલ, પ્રસાદ–વળી તે ભરવા માટે થેલો પણ આપવામાં આવ્યો ને પૂ. મા તેમજ સર્વ સાધકો બધા જ વિકલાંગોને પ્રણામ કરી, પોતાની કૃતકૃત્યતાના લાગણી વ્યક્ત કરી. પૂ. માનું સ્વરૂપ પણ દરેકને ભેટ આપ્યું. તે સાથે કહ્યું કે તમારા જીવનની કોઇપણ મુશ્કેલીમાં શ્રદ્ધાપૂર્વક પૂ. માને યાદ કરશો તો તે જરૂરથી મદદ કરશે. કદી અંબાજી આવો તો સ્વર્ગારોહણ જરૂરથી આવજો.

### પ્રતિભાવો

ઘણાબધા લાભાર્થીઓએ જણાવ્યું કે સમાજના મોટાભાગના માણસોને મન અમે ઉપેક્ષિત–નકામી વ્યક્તિઓ છીએ. પરંતુ અમે અહીં જોયું કે કેટલા બધા આદર અને પ્રેમથી અમને સત્કારી અમારી સારવાર કરવામાં આવી રહી છે. આવું અમે ક્યાંય અનુભવ્યું નથી. પૂ. માની કૃપા ને દોરવણી વગર આ ના બન્યું હોત.

ભગવાન મહાવીર વિકલાંગ સમિતિના પ્રતિનિધિ શ્રી માનસિંહજી અને શ્રી સતીશજીએ જણાવ્યું કે અમે આખા ભારતમાં અનેક ઠેકાણે કેમ્પો કર્યા છે, ધાર્મિકસ્થાનોના ઉપાશ્રયે પણ કર્યા છે, પરંતુ વિકલાંગો પ્રત્યેની આવી ઉત્તમ પ્રણાલિ ક્યાંય જોઇ નથી. તો અમે એ પણ અનુભવ્યું છે કે જયપુર ફૂટ કે કેલિપર્સ બેસાડ્યા પછી જે ઝડપથી દર્દી અહીં આત્મવિશ્વાસ સંપન્ન બની ચાલવાનો પ્રારંભ કરે છે, તેવું બીજે જોવા મળ્યું નથી.

પૂ. માએ શ્રી રાજુભાઇ જાનીના હાથે આ ટીમના બધા જ સભ્યોને સરસ ભેટો ધરી હતી. તે ઉપરાંત ભગવાન મહાવીર

વિકલાંગ સમિતિ—જયપુરનો આભાર માન્યો હતો. તેઓને ખૂબ પ્રેમપૂર્વક વિદાય આપવામાં આવી.

આ પહેલા શ્રી કંચનબેને જણાવ્યું કે આ બધા વિકલાંગ ભાઈઓ સ્વનિર્ભર બની શક્યા તે જોઇ અમને હાશ અને શાંતિ થઇ છે. તેઓએ આવા બીજા કેમ્પ માટે મદદ કરવાની પણ તત્પરતા દર્શાવી. તો શ્રી નયનાબેન ભક્તે જણાવ્યું કે અમને અમારી લક્ષ્મીનો સદુપયોગ થયેલો લાગ્યો. વળી આ કેમ્પમાં ઉપસ્થિત રહેવાથી અમારાં બાળકોને પણ આ પ્રત્યક્ષ જોવાનું ને શીખવાનું મળ્યું, તે મોટી વાત છે. તેમના પિતાજી શ્રી સીતારામભાઈ તરફથી પણ આવા બીજા કેમ્પ માટે સહાય આપવાની તત્પરતા દર્શાવાઇ.

શ્રી શારદાબેને પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે વિકલાંગોના મુખ ઉપર થતો આનંદ જોઇ, અમને પણ ખૂબ ખુશી થઇ. જયપુરની ટીમે પણ સરસ કામ કર્યું.

શ્રી જગદીપભાઇએ કહ્યું કે અહીં આવતા અપંગ દર્દીઓને જોઇ અનુકંપા થતી. પૂ. માએ આ બધા વિકલાંગોની મૂક પ્રાર્થનાઓ સાંભળી એટલે જ તો આ કેમ્પ કરવાનો વિચાર પૂ. માને સ્ફૂર્યો. શ્રી રાજુભાઇ જાની અને ભાઇ હેમલ, સ્નેહલ, નિલેશ, વિજયભાઇ વગેરેની ઘણી મહેનતને પરિણામે આ કેમ્પ સફળ થયો, તે બદલ આભાર વ્યક્ત કર્યો.

અંતમાં પૂ. માએ લખ્યું કે પૂ. શ્રી યોગેશ્વરજીએ ફક્ત ૫ મિનિટ માટે આ ભૂમિ પર પગલાં પાડેલાં. તે આજે પણ કામ કરી રહ્યાં છે એટલે તો ૨૦૦ થી વધારે માણસો અહીં નવું જીવન પામ્યા, તે આપણે પ્રત્યક્ષ જોયું. આ માટે નાનામોટા સૌ સાધકોએ સેવા ઉઠાવી છે તે સહુને પ્રભુ સુખી કરે. વળી



તેઓએ નોંધ્યું કે વિદેશની ધરતી પર વસતા અમારા શામળિયા શેઠના મુનિમોએ આ સત્કર્મોમાં આર્થિક સહયોગ ધરી, અહીં હાજર રહ્યા છે. અમે ઇચ્છીએ કે તેમના હાથે પવિત્ર લક્ષ્મી પ્રાપ્ત થતી રહો ને આવી સેવાઓમાં વપરાતી રહો.

પૂ. માના જયજયકાર સાથે આ કેમ્પની સુંદર રીતે પૂર્ણાહુતિ થઇ. આ કેમ્પમાં સહયોગ ધરવા બદલ શક્તિ આશ્રમ અને તેમના મેનેજર શ્રી અરવિંદભાઇનો ખાસ આભાર માનવામાં આવ્યો.

ઉચિત માત્રામાં લાગણીઓ પર નિયંત્રણ રાખી શકાય તો હાનિ પહોંચાડ્યાની કક્ષાએ તેઓ પહોંચી ના જાય. સ્પર્ધા ના હોય તો પુરુષાર્થમાં કદી વેગ આવતો નથી.

**– સ્વામી સચ્ચિદાનંદ**

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# ગરમ વસ્ત્ર ને દફતરકીટ વિતરણ સેવાયજ્ઞ

—રાજુ જાની

## સેવાયજ્ઞ—૧

અંબાજી આસપાસની ગ્રામ્યશાળાઓના બાળકો માટે ગરમ વસ્ત્ર દફતર કીટ, પ્રસાદ વિતરણ સેવાયજ્ઞ શ્રી મનોજભાઇ, ચંદનબેન, સાવન—નમનના પરિવાર તરફથી યોજાયો.

આ પરિવાર ચાર વર્ષથી પૂ. માને પ્રાર્થના કરતો હતો. વિદેશ-માં સોળમા વર્ષના પ્રવેશનો ઉત્સવ બાળકો પાર્ટી કરી ઉજવે છે.

આ બાળક સાવન ૧૬ માં વર્ષમાં પ્રવેશી રહ્યો છે ત્યારે તેના માતાપિતાની ભાવના પૂ. શ્રી માએ સ્વીકારી. તેના તરફથી ગરમ વસ્ત્ર—દફતર પ્રસાદ ૨૫૦ બાળકોને આજે અહીં તેમના હાથે વહેંચવામાં આવ્યાં.

અહીં આજે ચિ. ઉજ્જવલ પરદેશથી આવ્યો છે. પોતાની બચત ભેગી કરી તે પૂ. માને ધરવા ટેક્ષાસથી સ્વર્ગારોહણ આવ્યો છે. પૂ. શ્રી માએ એ લક્ષ્મીમાંથી વેફરનો પ્રસાદ તેના હસ્તે સૌ બાળકોને વહેંચાવ્યો.

તો શ્રી રાજદીપભાઇ અને રોશનીબેન પણ બાળકો માટે ચોકલેટ લાવ્યાં છે. તે પ્રસાદનું વિતરણ પણ તેમના હસ્તે પૂ. માએ કરાવ્યું.

દીપ પ્રાગટ્ય પૂ. શ્રી માની ઉપસ્થિતિમાં શ્રી મનોજભાઇ, શ્રી ચંદનબેન, શ્રી સાવન, શ્રી નમન અને શ્રી હેમલભાઇએ કર્યું.

પરદેશના આ બાળકોની આવી સારી ભાવના ઉપસ્થિત સહુને સ્પર્શી ગઇ. પૂ. માએ જ વિદેશમાં જન્મી મોટા થતા ભારતીય પરિવારનાં બાળકોને વ્યસન અને કુટેવોમાંથી બચી, તેમના બચેલા ધનનો આ રીતે ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરી ઘણી મોટી સેવા કરી છે, તેનો સંતોષ સહુ લાભાર્થીઓના મુખ ઉપર વંચાતો હતો.



### સ્વર્ગારોહણ તીર્થમાં પૂ. શ્રી માની સંનિધિમાં ૧૦ મો

# સર્વરોગ નિદાન યજ્ઞ

ડો. બી. જે. જાગાણી

**कामये दुःखतप्तानां प्राणीनां अर्तिनाशनम् ।**

કોઇપણ પ્રકારનાં દુઃખોથી દુઃખી જીવો દુઃખથી મુક્ત થાય તેની હું કામના કરું છું.

ગુરુભગવંત પૂ. શ્રી યોગેશ્વરજીએ શાસ્ત્રો ને મંદિરોને અર્થ અને કાર્યની દૃષ્ટિએ નવાં જ વસ્ત્રો પહેરાવ્યાં છે. મંદિરો માત્ર કર્મકાંડનું સ્થાન ન બનતાં માનવોના કલ્યાણનાં કેન્દ્રો બને એ પૂ. શ્રીના ગ્રંથોનો પ્રમુખ સૂર રહ્યો છે. એ નવીન પ્રાણ પૂરાયેલા અર્થવાળું માનવતાથી મંડિત તીર્થસ્થાન એટલે સ્વર્ગારોહણ-તીર્થ. અંબાજીમાં આવેલું આ તીર્થ પરમ તપસ્વીની, પ્રેમની મૂર્તિ ને કરુણાસભર મા શ્રી સર્વેશ્વરીએ સજાવેલું છે. દિવસે દિવસે એની ભાવનાત્મક ને ક્રિયાત્મક ક્ષિતિજો અમેરિકા, કેનેડા, પનામા ને વિશ્વના અનેક દેશો સુધી વિસ્તરતી જાય છે.

અંબાજી આસપાસના અભાવગ્રસ્તો માટે કંઇક કરવાની ચેતનાનો વિસ્તાર થયો. પૂ. શ્રી માની સંનિધિમાં કોઇપણ આવે ને સંપત્તિવાન હોય ને ભગવાન પ્રત્યે અભિમુખ હોય તે સહજ રીતે સંકલ્પ કરી જ લે કે હે મા! અમને કંઇક સેવા કરવાની તક આપો. પૂ. શ્રી મા સેવાની તક તો આપે પણ ઉપસ્થિત રહી, જાતે જ—કહો કે સ્વહસ્તે જ સેવા કરવાની પ્રતિબદ્ધતા આપે. એટલે સહજ રીતે જ તે અનુકંપિત સેવક—સાધક બોલી ઊઠે કે આ વર્ષે અમે અમેરિકાથી આવી અંબાજીમાં ઉપસ્થિત રહી આર્થિક સહયોગ સાથે સેવા કરીશું.

કેવો ભાવ! આવા જ એક ભાવવાળા અમેરિકાના ટેકસાસ રાજ્યમાં ડોક્ટરના વ્યવસાયમાં સ્થિર થયેલાં ડો. નિરુપમાબેન પટેલ (રૂપાબેન) પૂ. શ્રીમાનાં પ્રેમભર્યા સાધક પરિવારમાં ભળીને તા. ૨૪–૧૨–૨૦૦૬ના સર્વરોગ નિદાન યજ્ઞમાં આર્થિક સહયોગી બની ગયાં ને પોતાની દીકરી રોશનીબેન સાથે આ દિવસે ઉપસ્થિત રહ્યાં. સ્વર્ગારોહણ તીર્થનો આ દશમો સર્વરોગનિદાન યજ્ઞ છે. પણ અજોડ એટલે છે કે આ યજ્ઞમાં મફત દવાથી માંડીને ચશ્મા સુધીનો તમામ ખર્ચ તો આપ્યો પણ પોતે એક ડોક્ટર તરીકે દરદીઓને તપાસી સતત પાંચ કલાક સુધી સેવા પણ આપી. આર્થિક સહયોગ આપીને છૂટી જવું એ જો સોનુ હોય તો જાતે પોતાની દાક્તરી સેવાઓ આપવી એ સુગંધ છે. કહો કે આજે સોનામાં સુગંધ ભળી.

શિયાળાની સ્ફુર્તિદાયક ઠંડી છે. સૌ સાધકો સાધનાની પ્રભાતની બેઠકના પ્રણામ વંદના કરીને નિદાનયજ્ઞના ઉદ્‌ઘાટન માટે તૈયાર થયા છે. પૂ. શ્રી મા પણ પોતાની પ્રણામ વંદનાની સાધના પૂર્ણ કરીને ભક્તોની વચ્ચે પધારે છે. સંકીર્તન સૂરીલા કંઠે થઇ રહ્યું છે. ડો. નિરુપમાબેન, શ્રી હેમલભાઇ, શ્રી સ્નેહલભાઇ તથા શ્રી અરવિંદભાઇ જોશીના હસ્તે પૂ. શ્રી મા દીપ પ્રકટાવીને સેવા યજ્ઞનું ઉદ્‌ઘાટન કરાવે છે.

ડો. નિરુપમાબેન ભાવવિભોર થઇને પૂ. શ્રી માએ આ સેવાની તક આપી એટલે પ્રતિભાવ આપતાં જણાવે છે કે આ યજ્ઞમાં નિમિત્ત બનાવી એટલે પૂ. શ્રી માના શ્રી ચરણોમાં લક્ષકોટિ પ્રણામ. પૂ. શ્રીમાના ભાવ જગતમાં ડૂબકી મરાવનારું સ્વરચિત એક પદ 'મા છે તું ભક્તોની જનેતા સાચે તું છે વિશ્વવિધાત્રી' ગાય છે. વ્યવસાયે ડોક્ટર, હૃદયમાં પૂ. શ્રી મા માટે સમર્પણભાવ અને મનથી અનુરાગી એટલે ભાવ પણ



પ્રવાહિત થઇને શબ્દોની ગૂંથણીમાં સરસ ગોઠવાઇને સ્વર્ગીય સૂરથી મંડિત પદમાં કર્ણપ્રિય બની જાય છે. સાંજના ચાર કલાકે નિદાનયજ્ઞ પૂર્ણ થાય છે. અમેરિકા, પાટણ, પાલનપુર, અંબાજી, ભાવનગર, ડાકોર, વડોદરા, માણસા, અમદાવાદથી ડોક્ટરો સેવા આપવા આવ્યા છે તેને પૂ. શ્રીમાની સંનિધિમાં ડો. નિરુપમાબેનના હસ્તે સ્મૃતિભેટ અપાય છે. શ્રી પાર્થ જગદીપભાઇ ભક્ત સૌ ડોક્ટરને વંદન કરી આભાર માને છે. કુલ ૨૮૦૦થી વધારે દરદીઓના રોગની તપાસ કરી અને દવાઓ આપી.

અમેરિકામાં જન્મેલા ને ઉછરેલા શ્રી રોશનીબેન પટેલ સ્વર્ગા-રોહણતીર્થના આ નિદાન યજ્ઞમાં પ્રથમ વખત આવ્યાં છે. અંબાજી આસપાસનાં લોકો કેવી ગરીબાઇ અને દરીદ્રતા વેઠી રહ્યાં છે તેનો ચિતાર અંગ્રેજીમાં આપ્યો ને તેનું ગુજરાતીમાં ભાષાંતર કેનેડા સ્થિત શ્રી સુરેશભાઇ શાહે કર્યું. વિદેશમાં બાળકોને ખૂબ સુવિધા મળે છે. અહીંના બાળકોને સારી સુવિધા મળે તે માટે આર્થિક સહયોગ ધરવાની પ્રતિબદ્ધતા તેણે વ્યક્ત કરી.

એ જ રીતે હેમાલીબેન ગજેન્દ્રભાઇ ભક્ત પણ અમેરિકાથી આવ્યાં છે. નાની ઉંમર છે. સેવાયજ્ઞમાં સેવાઓ આપી. ગામડે ગયાં હતાં. ત્યાં ગરીબાઇના દૃશ્યો જોયાં. તે જોઇ તેમનું હૃદય કરૂણાથી ભરાઇ ગયું. અભાવગ્રસ્ત લોકોનાં હૃદયો પ્રેમથી કેવાં છલોછલ છે તેનો પરિચય પણ મળ્યો. એક પરિવાર પાસે જમવા માટે માત્ર રોટલા જ હતા. શાક કે કંઇ ન હતું. છતાં પણ હેમાલીબેનને જમવા બોલાવ્યાં. "આ પરિવાર પાસે પોતાનું જે કંઇ (રોટલો) હતું તે બધું જ આપવા તૈયાર. તે વાત હેમાલીબેનને સ્પર્શી ગઇ. તેમને થયું મારે પણ મારી પાસે જે કાંઇ છે તેમાનું થોડુંક આવા અભાવગ્રસ્ત લોકો માટે વાપરવું જ

જોઈએ.'' આવો સંકલ્પ તેમણે જાહેર કર્યો. શ્રી જગદીપભાઈ ભક્તે આ બહેનના અંગ્રેજી સંવાદોને સરળ ગુજરાતીમાં સમજાવ્યો. ભાવનગરથી પ્રથમ વખત જ દંતચિકિત્સક તરીકે આ યજ્ઞમાં સેવા આપવા આવનાર ડો. જિજ્ઞાબેન શાહ તો જાણે વર્ષોથી પરિચિત હોય તે રીતે પૂ. શ્રી માના અનુરાગી થયાં, પ્રતિભાવ આપતાં જણાવ્યું કે ઘણા સંતોને મળી છું પણ પૂ. શ્રીમા જેવી વિશાળતા, રમૂજી સ્વભાવ, સરલતા, નિર્દોષતા તેમ જ તપ ઓછા જોવા મળ્યાં છે. પૂ. શ્રી માના ૨૭૦૦ ઉપર નિર્જળા વ્રત થયાં છે છતાંય માનવ કલ્યાણ માટે કેવું દોડી રહ્યાં છે? સાધકો પણ પ્રેમપૂર્વક સેવાઓ આપી રહ્યા છે.

અંબાજીમાં કોટેજ હોસ્પિટલ છે. આ હોસ્પિટલમાં સેવારત ડો. મનસુખભાઈ પટેલની દીકરી શ્રદ્ધાબેન બી. ડી. એસ.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે તે પણ સેવા આપવા આવી ને પ્રતિભાવ આપતાં જણાવ્યું કે પૂ. શ્રી માએ આવી સેવાની તક આપી એટલે આભાર ને સારા ડોક્ટર બનું તે માટે પૂ. શ્રીમા આશીર્વાદ વરસાવે, એવી વિનંતી કરી.

પ્રા. તરલાબેન દેસાઈએ પૂ. શ્રીમાના સેવાધારીરૂપ તપ, પ્રેમ, કરુણા, ત્યાગ, શરણાગતિ, ગુરુભક્તિ, સમર્પણ વગેરે અંગે ભાવપૂર્વક વર્ણન કર્યું. તેઓએ કહ્યું, પૂ. માની સાધના અને આવા સેવાયજ્ઞો એકબીજાના પર્યાય બની ગયાં છે.

૩૬ જેટલાં ભાઈ બહેનો તથા યુવાન બાળકો આવ્યાં છે. તેઓ જાતે બધા જ સેવાયજ્ઞોમાં સહાયરૂપ થતા રહ્યાં છે.

મુંબઈ, વડોદરા, પાલનપુર, ઝણોર, ભાવનગર,અંબાજી, અમદાવાદ, રાજકોટ, મોરબી, કપૂરા, સુરત ધ્યાન કેન્દ્રમાંથી આવેલ સૌ સાધકોએ મા—પ્રભુના શ્રી ચરણોમાં આ યજ્ઞકાર્યની સેવાઓ ધરતા ધન્યતાનો અનુભવ કર્યો.



પૂ. માએ આ સેવાયજ્ઞમાં ડોક્ટરોને સરબત અને પાણી વગેરે સમય—સમય પર મળી રહે તેનું ધ્યાન રાખવાની તેમજ દવા લીધા પછી બહાર નીકળતા દર્દીઓને બીસ્કીટ, તેમજ ચીકીનો પ્રસાદ આપવાની સેવા બજાવી. નિર્જળા હોવા છતાં પૂ. માએ એકધારી છ કલાક સેવા બજાવી. દર્દી ને દુઃખી માનવોની હમદર્દીમાં પૂ. મા જાણે પોતાના શરીરનેય ભૂલી જતાં હોય એવું લાગ્યું. દરેક સેવાયજ્ઞ કે સેવાકાર્યમા પૂ. માનો પ્રત્યક્ષ ફાળો તો હોવાનો જ.

સેવાયજ્ઞ સુખરૂપ પૂર્ણ થતાં પૂ. મા પોતાના સ્વભાવ પ્રમાણે બધો જ યશ પ્રભુને પ્રણામો દ્વારા આપી સાવ હળવાં થઈ જાય—ક્યાંય અહં કે અભિમાન જાગવાને અવકાશ જ ના રહેવા દે. કેવી અદ્‌ભુત પૂ. માની પ્રણાલિ!

જવાબદારીવિનાનું જીવન કદાચ ચિંતાવિનાનું હોઈ શકે. પણ એવું જીવન નરી કાયરતાના આધારે સ્થિર થતું હોય છે. કેટલીકવાર આવી કાયરતાને ત્યાગ—વૈરાગ્ય કે જ્ઞાનનો મખમલી ઝભ્ભો પહેરાવી દેવામાં આવે છે. **—સ્વામી સચ્ચિદાનંદ**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

### તા. ૧૧–૭–૦૬ મંગળવાર–ટોરન્ટો

# ગુરુપૂર્ણિમાની વિદેશમાં ઉજવણી

**શ્રી સુરેશભાઈ શાહ–કેનેડા**

આધ્યાત્મિક જગતનો સૌથી અગત્યનો અને મહત્ત્વનો દિવસ એટલે ગુરુપૂર્ણિમા. જેમને પણ જીવનમાં સાચા, સમર્થ અને આદર્શ ગુરુનું માર્ગદર્શન મળ્યું, સાન્નિધ્ય પ્રાપ્ત થયું અને તેમની કૃપાનો લાભ મળ્યો તેમને પારસમણિ મળ્યો તેમ કહી શકાય. સાચા સદ્‌ગુરુ જ જીવને શિવ તરફ અને આત્માને પરમાત્મા પાસે લઈ જાય છે. જીવનની અસારતાને સમજાવી, પ્રભુપ્રાપ્તિ જ જીવનનું લક્ષ્ય અને ધ્યેય હોવું જોઈએ તેમ સમજાવે છે અને તે માટે સાધના, ભક્તિ તથા શ્રદ્ધાનાં બીજ વાવી ભક્તના જીવનને ધન્ય, કૃતાર્થ અને હેતુલક્ષી બનાવે છે. કામ, વાસના, લોભ, મોહ, આસક્તિના અંધકારમાંથી પરમ-પુરુષ પરમાત્માની પ્રાપ્તિના અજવાળા તરફ સદ્‌ગુરુ જ લઈ જાય છે.

ગઈકાલે તા. ૧૦–૭–૦૬ ના રોજ પૂ. શ્રી મા ન્યુજર્સી શહેરથી ટોરોન્ટો, કેનેડા પધારે છે. આવતીકાલે ગુરુપૂર્ણિમા છે. પૂ. શ્રી મા સાધકો અને ભક્તોને પ્રણાલિકાગત ગુરુપૂજન-ની વિધિમાંથી મુક્તિ અપાવે છે. ચંદન અને કંકુના તિલક, શ્રીફળની ભેટ, ફૂલના હાર અને પૈસાના કવરોમાંથી થતાં નાણાના ખર્ચને બચાવે છે. પૂ. શ્રી મા જણાવે છે કે આ બધી ભેટો આપણે વર્ષોથી મૂકતા આવ્યા છીએ, આ બધું ઔપ-ચારિક છે, જેથી જીવનની વિશુદ્ધિ થતી નથી, જીવનનો રાહ



બદલાતો નથી, પ્રભુ પ્રત્યે પ્રીતિ જાગતી નથી, અને સૌથી વિશેષ તે વિધિ આત્મકલ્યાણ કરાવતી નથી.

પૂ. શ્રી માના હૈયે ભક્તોનું સાચું હિત વસેલું છે માટે જ પૂ. શ્રી મા જણાવે છે કે આજે પૂ. શ્રીની પાદુકા, પૂ. શ્રીના સ્વરૂપ કે પૂ. શ્રી મા પાસે કોઈએ પુષ્પોની, પૈસાની, ચંદન, કંકુ, અક્ષત કે શ્રીફળની ભેટ ધરવાની નથી, પણ જીવનમાં એક એવો નિયમ લેવાનો છે કે જે નિયમ સરળ હોય, પાળી શકાય તેવો હોય અને મનગમતો હોય, કંટાળાજનક ના હોય, તે નિયમથી ને તેના પ્રામાણિક પાલનથી જીવન સ્વચ્છ થશે, જીવનમાં શાંતિ મળશે, આત્મસંતોષ થશે અને જીવનને પવિત્રતાની નવી દિશા મળશે અને જીવનને સાત્ત્વિકતા ધરશે. ગુરુપૂર્ણિમાના દિવસે પૂ. શ્રી મા દરવરસની જેમ એક લાખ જપ કરે છે. પોતાનો નિયમ પાળે છે. પૂ. શ્રી મા બધાને પણ આજે એક વિશેષ નિયમ લેવાનું કહે છે. પૂ. શ્રી મા જે કરે છે તે જ કહે છે. પૂ. શ્રી માની અપરિગ્રહતા અને આગવી વિચાર-ધારા ગુરુપૂર્ણિમાના પર્વની ઉજવણીને નવું રૂપ આપે છે.

કારણ—

- પૂ. શ્રી માના હૈયે સાધકનું શ્રેય વસેલું છે.
- પૂ. શ્રી માને સાધકના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી સાધકને સ્થિર કરવો છે.
- પૂ. શ્રી માને નાણાંનો દુર્વ્યય થતો અટકાવવો છે.
- સાચી ગુરુદક્ષિણાની સાધકને યાદ અપાવવી છે તથા તેની અગત્યતતા સમજાવવી છે.
- પૂ. શ્રી માને યુવાન માનસને સમજાવવું છે કે ગુરુ-

પૂર્ણિમાનું પર્વ ગુરુને ચીલાચાલુ ભેટો મૂકીને છૂટી કે છટકી જવાનું પર્વ નથી, પણ સાચા અર્થમાં જીવનશુદ્ધિનું પર્વ છે.

● પૂ. શ્રી માએ સદ્‌ગુરુ પૂ. શ્રી યોગેશ્વરજીના ચરણોમાં એટલે જ, અન્નત્યાગ, નિર્જળાવ્રતો, મૌન, પ્રણામ, મંત્રજપ અર્પણ કર્યા છે કે જે અજોડ, અનુપમ, પ્રેરણાદાયી અને વંદ-નીય છે.

સૌને પૂ. શ્રી માના દૃઢ નિર્ણયથી અને આદર્શ આચરણથી આનંદ થાય છે. પૂ. શ્રી માનો મહિમા સમજાય છે અને જીવનમાં પૂ. શ્રી 'મા' જેવાં આદર્શ સદ્‌ગુરુ પ્રાપ્ત થયાનો સંતોષ અનુભવાય છે.

આ રહ્યા આજના નિયમો—

- નિયમિત પ્રણામ—૧૨૫ / ૨૫૧ / ૫૦૧.
- મંત્રજપ—૨૫ માળા / ૫૦ માળા / ૧૦૦ માળા / ૨૫૧ માળા.
- ધ્યાન.
- સદ્‌ગ્રંથોનું વાંચન.
- પૂ. શ્રી અને પૂ. શ્રી માની બાવની—૨૫ / ૫૧ / ૧૦૮/ ૧૨૫.
- ગુરુલીલામૃતનો પાઠ.
- વ્યસનનો પરિત્યાગ.
- કુટેવોમાંથી મુક્ત થવાનો નિર્ણય.

પૂ. શ્રી મા યજમાનના નિવાસસ્થાનને, અંબાજીના સ્વર્ગા-રોહણની નાની આવૃત્તિ સમાન બનાવી દે છે. સવારના આઠથી સાંજના પાંચ વાગ્યા સુધી અનુકૂળતા પ્રમાણે સાધકો



આવે છે, સ્વૈચ્છિક મૌન ધારણ કરે છે, લીધેલા નિયમોનું પાલન કરે છે, દૂધ અને ફળાહાર કરે છે, પૂ. શ્રીની પાદુકા તથા પૂ. શ્રી માનાં દર્શન કરે છે. પૂ. શ્રીમાનું સાન્નિધ્ય પ્રાપ્ત કરે છે અને ગુરુપૂર્ણિમાના પર્વની અનોખી ઊજવણી કરે છે. વિદેશમાં પણ પૂ. શ્રી મા જ્યાં વિચરણ કરે છે ત્યાં તીર્થોનું સર્જન કરે છે, સૌને આદર્શ ભક્તિમય, સાધનાત્મક જીવન જીવવાની પ્રેરણા અને પથપ્રદર્શન કરે છે. પૂ. શ્રી મા પોતાના ઔદાર્ય, પ્રેમ, કરુણા અને દયાના ઐશ્વર્યથી સૌનાં મન જીતી લે છે. ૐ યોગેશ્વરાય નમઃ, ૐ મા સર્વેશ્વર્યૈ નમઃના મંત્ર-ગાનથી અને પૂ. શ્રી માના દિવ્ય પરમાણુથી મહેંકી રહેલા વાતાવરણમાં સૌ મન મૂકીને ઈશ્વરસ્મરણમાં મસ્ત બને છે અને આધ્યાત્મિકતાનો આસ્વાદ પામી કૃતાર્થ થાય છે. પૂ. શ્રી મા માનવદેહમાંથી માનવમંદિર બનાવનાર સાચા શિલ્પી છે.

સાંજે ૭—૩૦ વાગે શ્રી પ્રભુદાસભાઇના નિવાસસ્થાને રાખેલા ગુરુપૂર્ણિમાના કાર્યક્રમમાં પૂ. શ્રી મા પધારે છે.

પૂ. શ્રી માના આગમન પહેલાં શ્રી અશોકભાઇ દ્વારા પૂ. શ્રીની પાદુકાનું શાસ્ત્રોક્તવિધિથી યજમાન પૂજન કરી લે છે. પૂ. શ્રી માનું આસન કુટિયા જેવા મંચ ઉપર છે જેથી સૌને પૂ. શ્રી માનાં દર્શનનો લાભ મળી શકે છે.

પૂ. શ્રી મા પણ ગુરુપૂર્ણિમા અને પૂજ્યશ્રીની પાદુકા વિષે ઘણી વાતો લખે છે. જેનો સારાંશ આ પ્રમાણે છે—

પાદુકા તીર્થસંગીની બનીને ગુરુદેવની અખંડ સેવામાં રહેશે એટલે શ્રી પાદુકાજી, શ્રી ગુરુદેવનું પ્રકટ સ્વરૂપ છે. તે પ્રકટ સ્વરૂપની શાસ્ત્રોક્તવિધિથી પૂજા થઇ, એ પવિત્ર પાદુકાને આપણા દૂષિત હાથે સ્પર્શ કરીને કોઇ અપરાધ તો નથી

કરતાને? એટલે જ પાદુકાને સ્પર્શ કરવા નિયમ લેવા પડે. આજે સૌ પાદુકાને પ્રણામ તો કરશો જ પણ આવતી ગુરુપૂનમ સુધી એક નાનકડો નિયમ સૌ લે. શાસ્ત્રોક્ત પૂજનોમાં ઉત્તમ પરંપરા છે. હવે આપણે ઉત્તમ બનવા માટે નિયમ લેવો પડે. એક વર્ષ માટે ગુરુદક્ષિણામાં ધરો એક નિયમ. પાદુકાજી ઉપર પૈસા મુકવાની પ્રથા પણ સારી નથી. ગુરુદેવનું પ્રકટ સ્વરૂપ પાદુકા છે તો તેને સન્માનીએ. તેને વિવેકબુદ્ધિથી પાત્ર બનીને સ્પર્શ કરીએ. પૂ. શ્રી મા શ્રી શારદામાના એક ભક્તની વાત કરતાં કહે છે કે, શ્રી શારદામાને એક ભક્ત પ્રણામ કરવા આવ્યા, તો પ્રણામ કરતાં કરતાં શારદામાના અંગૂઠાને કરડ્યા, કેવી વેદના! પૂછ્યું કેમ કરડ્યા? તો કહે મા મને રોજ યાદ કરે માટે! આ સત્યઘટના છે. એટલે પાદુકાજીની આમન્યા જાળ-વવા નિયમો લેવા પડે. નિયમોથી પૂજા કરીએ, નિયમોથી પાદુકાજીને સન્માનીએ, વધાવીએ, વંદન કરીએ.

પૂ. શ્રી મા વળી લખી જણાવે છે કે, શાસ્ત્રોની વિધિના પ્રતીકો જીવનને ઉપર ઊઠાવવા માટે છે. દાન પણ સુપાત્રને જ આપો. આ બધી વાતોને યાદ રાખી અમલમાં મૂકીએ.

આજનો આ ઉત્સવ પ્રભુદાસભાઇ જેવા ભક્તસેવકના ઘેર ઉજવાયો કે જેમણે પચીસ હજાર બાવની પૂર્ણ કરીને ગુરુદેવની પાદુકાજીને અર્પણ કરી છે. એવા નિયમોથી જીવન શણ-ગારવાનું છે.

પૂ. શ્રી મા સૌ ભક્તોને પૂ. શ્રીની અમૃતવાણીનો પણ લાભ આપે છે. પૂ. શ્રીનો સંદેશો હૃદયસ્પર્શી છે અને સ્વાનુ-ભાવનો હોવાથી સૌને સ્પર્શી જાય છે.

પૂ. શ્રી કહે છે, માણસનો આત્મા જ સાચો ગુરુ છે.



ગુરુપૂર્ણિમાએ વધુ સાધના કરવાનો સંકલ્પ કરવો જોઇએ. ધ્યાનમાં, મંત્રજપમાં વધારે બેસવાનું રાખીએ અને આત્મ-સાક્ષાત્કાર જ જીવનનું એકમાત્ર લક્ષ્ય છે તે હરહંમેશ યાદ રાખવું જોઇએ.

આરતી, પ્રસાદ અને પૂ. શ્રી માને પ્રણામ કરી સૌ વિદાય થાય છે. પૂર્ણિમાના ચંદ્રની ચાંદનીથી ભરતી પામતું પૂ. શ્રી માનું પુલકિત હૃદય ગુરુપૂર્ણિમાના પર્વનો જાણે કળશ બની જાય છે. પૂ. શ્રી માને આજે નિર્જળા છે, પણ તેનો થાક ક્યાંય વર્તાતો નથી.

પર્વની ઉજવણીની અનોખી રીત, ઉત્તમ સમજ, સુંદર ઉપદેશ અને જીવન ઉત્થાન માટેની યોગ્ય ગુરુશિક્ષા આપવા માટે પૂ. શ્રી માને પ્રણામ! પ્રણામ!! પ્રણામ!!!

“શત શત વંદન માડી તમોને,
સદાયે કરાજો ઊરથી અમારા.”

સહુનું હિત જોનાર જ સંત કહેવાય. સંતો સર્વહિતકારી ને રાક્ષસો સ્વહિતકારી હોય છે.

**—સ્વામી સચ્ચિદાનંદ.**

હે પ્રભુ! મારું સર્વસ્વ છીનવી લો. પણ મારી શ્રદ્ધાને રહેવા દો.

**—મધર ટેરેસા.**

# સમંદરને પેલે પાર

મા સર્વેશ્વરી

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા–ઓકલેન્ડથી મેલબોર્ન, દિવસ–૮, તા. ૧૬–૫–૦૫**

ગઈ કાલનો પરિશ્રમ આજે વિશ્રામ માગે એ સ્વાભાવિક છે. તેથી જ નવ વાગે નીકળવાનું નક્કી કર્યું હતું.

ગઈ કાલે સતત સૌ ૧૬, ૧૭ કલાક પરિશ્રમ કરે છે.

પક્ષી જગતની વિશેષતા પણ શ્રી હરિની જ એક અલૌકિક શક્તિ છે ને! સૂર્યોદય ને સૂર્યાસ્તનો કેવી રીતે પક્ષીઓને ખ્યાલ આવે? એમની એક ઈન્દ્રિય એટલી જાગ્રત હશે કે તેમને વગર એલાર્મે, વગર કોઈની મદદે ખબર પડી જાય કે સૂર્યોદય થઈ રહ્યો છે!

જાણે પક્ષીજગત નિયમિતતાનાં પ્રેરક છે સૂર્યોદય. સૂર્યોદયે કાર્યરત થવું, કર્મયોગી થવું અને સૂર્યાસ્તે બધી જ પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થઈ વિશ્રામ કરવા પોતાના જ સ્થાનમાં જ્યાં દરરોજ રાત–વિસામો છે ત્યાં જ જવાનું. કેવી દિનચર્યા! ૧૨ કલાક પાણીમાં, ૧૨ કલાક ધરતી ઉપર. દરરોજ સૂર્યાસ્તે પોતાના કર્મશ્રેત્રનો સહજ ત્યાગ કરી દે છે. અને દરેક સૂર્યોદયે કર્મ-યોગનો સહજ સ્વીકાર કરે છે. એ પ્રવૃત્તિમાં નથી રવિવારની રજા કે નથી કોઈ સત્કાર એવોર્ડ, ઈનામ કે પેપરોમાં જાહેરાત-ની ઈચ્છા. આ બધી જ પક્ષીજગતની વિશેષતા માનવજાતે વાગોળવા જેવી છે.

વરસોથી કેવો નિયમિત કર્મયોગ ને પોતાના કર્તવ્યમાં અલિપ્તતા, સહજતા.



આ બધા જ ગુણો જીવનમાં ખીલવવાનો મૂક, પ્રેરક સંદેશો આજે પક્ષીજગત તરફથી આપણને સૌને મળ્યો. કર્મયોગી થવાનું છે. ને સાંજ પડ્યે પોતાના ઘરે કર્મક્ષેત્રનો ત્યાગ કરી પહોંચી જવાનું. પક્ષીજગત જાણે માનવજાતને કહી રહ્યું છે. કર્મ કરો ને જીવનસંધ્યાએ પોતાના અસલવતન શ્રી હરિને દ્વારે પહોંચવાની પ્રવૃત્તિ કરો. કર્મક્ષેત્રની મમત્વભરી વૃત્તિને સૂર્યાસ્ત પહેલાં છોડી દો ને અલિપ્ત જીવન જીવતા જીવતા શ્રી પ્રભુને પામી લો.

આ વિશ્વના વિશાળ ગ્રંથમાંથી જેને જેને જે શીખવું હોય, વાંચવું હોય, વિચારવું હોય તે તે વાંચી, વિચારીને સફળ થઈ શકાય છે. તે તે ગ્રંથ કંઈ પુસ્તક આકારે જ હોય તેવું નથી. જીવતા માનવો, પક્ષીઓ, પ્રકૃતિઓ, પ્રસંગો, દશ્યો, પણ ગ્રંથ બનીને સૌને સુસંસ્કૃત થવાના પ્રેરક સંદેશાઓ ધરતા રહે છે.

એ રીતે ન્યુઝીલેન્ડની પ્રકૃતિ (પ્રાકૃતિક સૌંદર્ય) અને ઓસ્ટ્રેલિયાનું પક્ષીજગત બંનેને ગ્રંથ ગણી શકાય.

આજે કાર્યક્રમ હતો દરિયાઈ સૌંદર્યને માણવાનો. એટલે કે મેલબોર્નનું ઓસ્ટ્રેલિયા ખંડનો ભાગ દરિયાથી ક્યાં ને કેવી રીતે પ્રારંભ પામે છે તે જોવાનું હતું.

પણ કલાકો સુધી દૂર દૂર તે જોવા જવાનું હતું. જેથી એ કાર્યક્રમ બંધ રાખ્યો ને શહેરમાં Zoo (ઝૂ) પ્રાણીસંગ્રહાલય જોવાનું નક્કી થાય છે.

માનવ પણ એક સુધરેલું સુસંસ્કૃત પ્રાણી જ છે ને? તે વળી કોઈક યોનિમાં આ વર્ગમાંથી પણ પસાર તો થયું જ હશેને? તો એ યોનિનાં સુખદુ:ખને વાગોળવાનું, જાણે એની જીવનચર્યાને ધ્યાનથી જોઈ લેવાનું આજે કાર્ય હતું.

પક્ષીઓ, પ્રાણીઓને ક્યાં સ્વતંત્રતા છે? વાણી પણ સીમિત છે! માત્ર રાગમાં ગાઇ શકે છે. પણ અસહ્ય વેદના હોય તો ક્યાં તે કહી શકે છે?

એ યોનિની વેદના કે પરતંત્રતાને માનવ યાદ કરી લે જેથી પાછી યોનિની ઘટમાળમાં એ જ શરીર ભૂલમાં ના પામે તેની જાગૃતિ મેળવવા આજે પ્રાણીજગતમાં ઘુમવાનું છે.

આવી એક સમજભરી દૃષ્ટિથી એ સંગ્રહસ્થાનમાં પ્રવેશ્યાં.

પ્રાણીઓ ખુલ્લામાં પોતાના વાડામાં જ ફરી રહ્યાં હતાં. બંધ પાંજરામાં પહેલાં હતાં. વરસો પછી ડાહ્યા માનવને ડહાપણ આવતા તે બધા જ પ્રાણીઓને ખુલ્લા વાડામાં મૂકવા-માં આવ્યાં.

ખુલ્લા વાડામાં પણ પૂરી સ્વતંત્રતા તો ન હતી. વાડાની ફરતે ઊંચી ઊંચી તારની વાડ હતી. હજારો પ્રવાસીઓ તેને જોવા, મળવા, આવકારવા આવતા હતા. પણ પ્રાણીઓને ક્યાં ખબર હતી કે આ પ્રજા મને જોવા મળવા આવે છે! તે પ્રાણી-ઓને કદાચ આપણે જ જોવા જેવા પ્રાણીઓ લાગતાં હોઇશું. જેમ આપણે તેને જોઇએ તે રીતે તે પણ એક ચેતનતત્ત્વ છે ને! તેને પણ આપણને જોઇને નવાઇ લાગતી હશે કે આ બે પગવાળા પણ અજબ પ્રાણી છે. રોજ રોજ ટોળેટોળાં અમારા ચાર પગા પ્રાણીઓને જોવા આવે છે!

કાંગારુ, સિંહ, જિરાફ, મોર, શાહમૃગ, પોપટ, ચિત્તો વગેરે. અનેકવિધ આકારોમાં ચેતનતત્ત્વ અહીં વિચરતું હતું.

લગભગ ૧, ૧।। કલાક ત્યાં ચાલવાની કસરત મળી ગઇ. એ રીતે અહીંના જાણીતા બાગમાં પણ એકાદ કલાગ ચાલવાની કસરત મળી ગઇ.



આવીને વિશ્રામ ફરજિયાત બન્યો.

આ વિશ્રામસ્થળ પણ બાદશાહી હતું. વિદેશમાં હવે તો દેશમાં પણ આવા વિશ્રામસ્થાનો ઠેર ઠેર જોવા મળે છે. પ્રવાસીઓને સર્વ સગવડો ધરવામાં દરેક દેશનું પર્યટનખાતુ જાગ્રત છે. ભારતમાં પણ વિદેશના યાત્રીઓ દિલ્હી, મુંબઇ જેવા શહેરોમાં અરે, હરિદ્વાર, ઋષિકેશમાં પણ જોવા મળે છે.

આ પણ ઘણી મોટી હોટલ છે. પણ ક્યાંયે ઘોંઘાટ માનવો-નો કે રેડિયાનો કે ટી. વી.નો સંભળાતો નથી. શાંતિ છે. જાણે મૌનમંદિર હોય એવું શાંત વાતાવરણ.

સાડા નવ વાગ્યે આજે યાત્રામાં પ્રથમવાર રાતની સત્સંગ-ની બેઠક હતી. આજ સુધી એવો સમય જ ના મળ્યો. આખો દિવસ દરરોજ સતત પરિશ્રમ હોય એટલે ચાલુ બસમાં જ દરરોજ રાતની સમૂહ પ્રાર્થના થઇ જતી.

આજે સૌ સમયસર 'મા'ના ઓરડામાં આવી ગયા. પ્રાર્થના, માળા, પછી નીરૂબેન, જગુભાઇ, શ્રી સુશીલાબેન ૫, ૧૦ વાક્યો બોલે છે.

શ્રી ધીરુભાઇ કહે યાત્રામાં આટલા બધા દિવસો વીતી ગયા તે ખબર જ નથી પડતી. બધું જ ભૂલી જવાયું છે.

તો વળી જગુભાઇ કહે ઘણાં દેશો ફર્યો છું. 'મા' સાથેની આ મારી ત્રીજી યાત્રા છે. સરસ યાત્રા થઇ રહી છે. સતત 'મા'નું દર્શન ને 'મા'નો સત્સંગ મળી રહ્યો છે.

નીરૂબેન પોતાની નોંધમાંથી બે પ્રસંગો યાત્રાના વાંચી સંભળાવે છે.

એના અનુસંધાનમાં 'મા' ઇંગ્લેન્ડના લેસ્ટર શહેરના

યજમાનને ઘેર પોપટ હતો તેને ઉડાડી દેવડાવવાની વાત વિગતવાર સૌને લખીને કહી.

આજે શ્રી મોહનભાઇ, શ્રી સરસ્વતીબેન, ગીતાંજલિ પણ આવ્યાં છે. માતા–પિતા ને પુત્રવધૂ છે. માતાપિતાએ પૂ. શ્રીના દર્શન ને પ્રવચનનો લાભ લીધો છે.

'વંદન કરું' ગાઇને સૌ છૂટા પડે છે. 'મા' શ્રી મોહનભાઇને ચાર પુસ્તકો ને કેસેટ પ્રસાદમાં આપે છે.

ત્યાર પછી ભારતીબેન ને સુશીલાબેન જોડે 'મા' વાતો કરે છે. પછી નીરૂબેન, દીનાબેન જોડે ઘણો લાંબો સમય વીતે છે.

બંને બેનો શ્રદ્ધાળુ ને ભક્તહૃદય ધરાવે છે. 'મા' માટે એ બંને બેનોને કેવો પ્રેમ ને કેવી સેવા કરવાની ઇચ્છા છે તેની વિગતે વાતો કરે છે. આ યાત્રા તેમને માટે પ્રસન્નતાથી ભરેલી લાગે છે. 'મા'નો લાભ મળે તેટલો લઇ લેવો જોઇએ તેવું માને છે. સ્વર્ગારોહણમાં 'મા'ના સરસ સત્સંગનો લાભ મળે એ વાત પણ થાય છે. પ્લેનમાં વિદેશી ભાઇબેનો ઉપર 'મા'ના પ્રભાવની વાતો પણ થઇ. આટલી નોંધ પછી વિશ્રામ.

ભવાઇ એ ઇતિહાસ નથી, ઘટના નથી, માત્ર મનોરંજન છે. સાચો ત્યાગ એ છે કે જે કશા જ બદલાની અપેક્ષા રાખ્યા વગર પોતાનું સામર્થ્ય બીજાના સુખો કે ઉત્કર્ષ માટે વાપરે છે.

**—સ્વામી સચ્ચિદાનંદ**



# શ્રી શ્રી મા શારદાદેવી–(૧૩)

**(નવેમ્બર–૦૬ નુ અનુસંધાન)** **પ્રો. અરુણિકા મનોજ દરૂ**

## શ્રી રામકૃષ્ણનું લીલાસંવરણ

ગામના એમના નવા મકાનમાં માતાજીની પ્રવૃત્તિ એકધારી ચાલુ રહી હતી. ફક્ત છેવટના દિવસોમાં શરીર ખૂબ દુર્બળ થઇ ગયું હતું. કામ પહેલાંની જેમ થતું નહીં. બહુવાર બેસી શકાતું નહીં. ઘણી વાર સૂઇ જવું પડતું અને એ સ્થિતિમાં એમના જાપ ટેવ પ્રમાણે ચાલુ રહેતા.

શ્રી મા સવારે સ્નાનાદિથી પરવારી પૂજા કરતાં પછી રસોઇનું કામ તથા પાન બનાવવાનું કામ રહેતું. ઘણુંખરું શાક તેઓ જ સમારતાં. બપોર પછી શાક સમારતી વખતે ત્યાંના આડોશપાડોશની બહેનો પોતાના સુખદુઃખની વાતો કરવા એમની પાસે આવતી. સવારે પાન બનાવતી વખતે પત્રોના વાચન તથા તેના જવાબ લખાવવાનું કામ ચાલતું. રસોઇનો ભાર બીજાઓ પર હતો, છતાં વખતોવખત શ્રી મા પોતાને હાથે એક બે વાનગી બનાવતાં અને પોતાને હાથે જ પીરસતાં. સવાર સાંજ રસોઇ થયા પછી ઠાકુરને ભોગ ધરાવાતો. ભોગ ધરાવીને સેવકોની સાથે બેસી જમતાં. ભક્તો, સગાંવહાલાં અને અન્ય સહુની સંભાળ લીધા પછી સૂવા જતાં ત્યારે ઘણુંખરું રાતના અગિયાર વાગી જતા. આમ આખો દિવસ વ્યસ્ત રહેવા છતાં, તેમનું જપ કરવાનું કાર્ય નિરંતર ચાલતું.

ઉત્સવને દિવસે, વારતહેવારે લોકો તેમની પૂજા કરવા આવતા ત્યારે શ્રી મા ફૂલમાળા ધારણ કરી, પલંગ પર પગ ઝુલાવી બેસતાં અને ભક્તો શ્રી ચરણે ફૂલ ધરી આશિષ

મેળવતા. છેલ્લા થોડા વખતથી શ્રી માની તબિયત સારી રહેતી ન હતી. એમના જન્મદિવસે એમને વધારે પડતો શ્રમ પડ્યો તેને લીધે સાંજે જ તેમને તાવ આવ્યો. બધાને લાગ્યું કે સ્થાનિક સારવારથી સારું થઈ જશે પણ તેમ થયું નહીં. તાવ ઊતરે અને પાછો આવે આમ વારંવાર માંદા પડવાથી શ્રી મા ખૂબ દુર્બળ થઈ ગયાં છતાં દીક્ષા આપવાનું એમનું કામ તો એમણે ચાલુ જ રાખ્યું હતું. ભક્તો બહુ દૂર દૂરથી આવતા, અનેક આશાઓ લઈને આવતા. શ્રી મા તેમને નિરાશ કરી પાછા મોકલતા તો નહીં જ, પણ બને ત્યાંસુધી તો તેમને બહુ બેસાડી રાખતા પણ નહીં. મતલબ કે સામી વ્યક્તિની સગવડ સાચવવાની ચિંતામાં તેમની તબિયત વધારે ને વધારે બગડતી ગઈ. સ્વામી શારદા-નંદજીને ખબર આપવામાં આવી. સ્વામી કાશીમાં હતા અને એમની ગેરહાજરીમાં માતાજી કલકત્તા જવા નહોતાં માંગતાં. એટલે એમણે ત્રણેક સાધુઓને માતાજીને કલકત્તા લઈ આવવા માટે મોકલ્યા. ફેબ્રુઆરીના અંતમાં શ્રી મા સાથે રાધુ, પાગલી-મામી, માકુ, નલિની, નવાસનની વહુ અને બ્રહ્મચારી વરદા હતાં.

શ્રી મા પાલખીમાં વિષ્ણુપુર ગયાં. બે દિવસ ત્યાં વીતાવી ત્રીજે દિવસે બપોરે ટ્રેન દ્વારા કલકત્તા ગયાં. ત્યાં સ્વામી શારદાનંદની સૂચના પ્રમાણે સારવારની વ્યવસ્થા કરવામાં આવી. ત્રણ પ્રકારની ચિકિત્સા તેમણે શરૂ કરાવી. પ્રથમ હોમિયોપથી. પછી આયુર્વેદની, છેલ્લે એલોપેથીની દાક્તરી સારવાર. તદુપરાંત ગ્રહશાંતિ વગેરે પણ કરાવ્યાં પણ શ્રીમાની તબિયત તો કથળતી જ હતી. દિવસમાં ત્રણચાર વાર તાવ આવતો ક્યારેક તાવને કારણે શ્રી મા બેભાન થઈ જતાં. છતાં,



આવી કષ્ટદાયક માંદગીમાં પણ વૈદ અને ડોક્ટરોના ખાવા-પીવાનો પણ તેઓ ખ્યાલ રાખતાં. મળવા આવનારની પણ તેઓ ખબરઅંતર પૂછતાં. સેવકો માતાજીની સેવા કરવા ઈચ્છતા. એવી તક મળે તો પોતાને ધન્ય માનતા. પણ માતાજી-ને તેમની સેવા લેતાં સંકોચ થતો એટલે એવી તક સહુને ભાગ્યે જ મળતી. એક સેવકને થયું પંખો નાંખવાથી શ્રી માને આરામ રહેશે. ચારપાંચ મિનિટ થઈ ત્યાં શ્રીમાએ કહ્યું : ‘‘તારો હાથ દુઃખશે જાણી મને ઊંઘ નથી આવતી. તું પંખો નાંખવાનું બંધ કરે તો હું નિરાંતે ઊંઘી જઈશ.’’ અને સેવકને સેવા કરવાની મળેલી એ તક છોડવી જ પડી.

ડોક્ટર પ્રાણધન બસુની દવા ચાલતી. સામાન્ય દરદી પાસેથી લેતા હતા તેમ શરૂઆતમાં આ ડોક્ટર શ્રી માને તપાસવાની ફી તથા ટેક્સીભાડુ લેતા હતા. પણ પછીથી ડોક્ટરને શ્રીમાનો સાચો પરિચય થયો. વળી તેમણે જાણ્યું કે શ્રી માની સારવારનો ખર્ચ તેમના ભક્તો આપે છે ત્યારથી ડોક્ટરે ફી લેવાનું બંધ કર્યું. બીજા ડોક્ટરની ચિકિત્સા શરૂ થઈ તો પણ આ ડોક્ટર સ્વખર્ચે રોજ આવતા અને માતાજીના ખબરઅંતર પૂછી જતા. મંદવાડ વચ્ચે પણ શ્રી મા ભક્તોને આધ્યાત્મિક માર્ગમાં મદદ કરતાં એટલું જ નહીં, કોઈ કોઈ ભાગ્યશાળીને મંત્રદીક્ષા પણ આપતાં.

આ માંદગી દરમ્યાન શ્રીમાને ત્રણ ઊંડા આઘાતો સહન કરવા પડ્યા હતા. એ હતા તેમના નિકટના પરિચિતોના અવ-સાનના સમાચારો. ચોવીસમી એપ્રિલે સ્વામી અદ્ભુતાનંદનો દેહાંત થયો. ચૌદમી મેના રોજ શ્રી માના પરમ ભક્ત રામકૃષ્ણ બોઝનો દેહાંત થયો. શ્રી માની માંદગીને લીધે આ બંને સમા-

ચાર એમનાથી છાના રાખવાના હતા પણ ગુલાબમાએ અ-સાવધપણે એમને એ વાત કરી દીધી. શ્રી મા દુઃખી થયાં, રડ્યાં. તે દિવસે તેમનો તાવ વધ્યો. તેમને રાત્રે બરાબર ઊંઘ ન આવી. મે મહિનાના ત્રીજા સપ્તાહમાં શ્રી માના ભાઈ વરદા-પ્રસાદનું મૃત્યુ થયું. વરદાની માંદગીના સમાચાર શ્રી માએ જાણ્યા હતા એટલે તેની તબિયત વિષે શ્રી મા વારંવાર પૂછ્યા કરતાં. એટલે તેના મૃત્યુના સમાચાર તો તેમને કહેવા જ પડ્યા.

શ્રી મા હવે માયાનું રાજ્ય છોડી જવાનાં છે તેની પ્રતીતિ હવે ભક્તોને થવા માંડી હતી. એક વાર એક ભક્તને તેમણે કહ્યું : ''આ શરીરથી ઠાકુરનું જે કંઈ કામ કરવાનું હતું તે પૂરું થયું છે. હવે મન ફક્ત તેમની તરફ દોડે છે. બીજું કંઈ ગમતું નથી. હવે રાધુ પણ સામે આવે છે તે ગમતું નથી.'' અત્યાર સુધી શ્રી માએ મનને રાધુમાં આસક્ત રાખી નીચે ઉતારી રાખ્યું હતું, પણ હવે શ્રી માનું મન નીચે ઊતરવા માગતું ન હતું. પણ ઉચ્ચ ભૂમિ તરફ વળતું હતું. એ નિશાની પરલોકગમનની તૈયારીરૂપ હતી.

ગૌરીમા અને દુર્ગાદેવી જે રોજ ગંગાસ્નાન કરી શ્રી મા પાસે આવતાં, પંખો નાંખતાં, તેમને પણ શ્રી માએ એક વાર કહી દીધું : ''મારી પાસે આવવાથી શું થશે? મારાથી હવે કોઈનો મેલો સહન થતો નથી. જો આવો તો મારા ઓરડામાં ન આવતાં. દરવાજાની બહારથી જ જોઈને ચાલ્યાં જજો અને મને નકામી વાતો ન કરાવતાં.'' ગૌરીમા બીજા દિવસથી આવતાં તો ખરાં, પણ દરવાજાની બહાર બેસી રડતાં. તે જોઈને પણ કરુણાળુ શ્રી મા જરા વિચલિત થયાં ન હતાં.

રાધુને પણ શ્રી માએ જયરામવાટી ચાલી જવા કહ્યું, ''રાધુ



વગર તમે રહી શકશો?'' એમ કોઈએ પૂછ્યું ત્યારે શ્રી માએ પ્રત્યુત્તરમાં કહ્યું : ''મારું મન મેં ખેંચી લીધું છે. મેં માયા કાપી નાંખી છે. હવે નહીં'' રાધુ તરફ તથા તેના દીકરા તરફ શ્રી માનું મન વાળવા ભક્તોએ ખૂબ પ્રયત્નો કર્યા ત્યારે પણ શ્રી માએ સ્પષ્ટ કહી દીધું : ''જે મન ખેંચી લીધું છે તે હવે નીચે નહીં જ ઊતરે એ જાણજો.''

રાધુ, નલિની વગેરેને જયરામવાટી મોકલી દેવાની વાત થઈ ત્યારે નલિનીએ કહ્યું, ફોઈબાને અમે અહીં રહીએ તે ગમતું ન હોય તો અમે ચાલ્યાં જઈએ. પણ લોકો અમારી ટીકા કરશે કે માંદગીમાં એમને મૂકીને ચાલ્યાં ગયાં. જવાબમાં શ્રી માએ કહ્યું : ''જો તમારે અહીં રહેવું હોય તો રહો, પણ જે કોઈ અહીં રહે તે મારી પાસે આવે નહીં. મને એમની છાયા પણ જોવી ગમતી નથી.'' આમ વાણીથી તેમ જ કાર્યથી માયાથી પર થવાની વૃત્તિ તેમનામાં સતત દેખાવા લાગી.

રાધુ સાથે માયાનું બંધન રાખ્યું હતું તે બંધન તેમણે દેહાવ-સાનના થોડા સમય પહેલાં જ છેદી નાંખ્યું. એક માસ પહેલાં એમના ઓરડામાં શ્રી રામકૃષ્ણની જે છબીની પૂજા થતી હતી તે તેમણે બીજા ઓરડામાં લઈ જવાનું કહ્યું. એટલા માટે કે શૌચાદિ નિત્યકર્મ માટે પોતે ઓરડાની બહાર જઈ ન શકે એટલે એ જ ઓરડામાં ઠાકુરની પવિત્ર છબી કેવી રીતે રાખી શકાય?

લીલાસંવરણના એક સપ્તાહ પૂર્વે શ્રીમાએ સ્વામી શારદા-નંદને બોલાવ્યા પછી તેનો જમણો હાથ પોતાના ડાબા હાથ નીચે રાખીને કહ્યું : ''શરત આ બધાને તારી પાસે મૂકી જાઉં છું.'' આમ કહીને પોતાનો હાથ ખેંચી લીધો. શારદાનંદે મહા-મહેનતે આંસુ રોક્યાં અને ધીમે પગલે બહાર ચાલ્યા ગયા. તે

વખતે માતાજીના સેવકો અનેક પ્રકારના કામમાં રોકાયેલા રહેતા, ડોક્ટરને મળવા જવું, દવા લાવવી, દૂધ લાવવું, પથ્ય ભોજન બનાવવું, પંખો નાંખવો વગેરે. સેવિકાઓ ભાત રાંધતી. દૂધ પીવડાવતી, ખવડાવતી કપડાં ધોતી અને પથારી કરતી. શ્રી મા તેમની સાથે પોતે નાની બાલિકા હોય તે રીતે વર્તતાં.

શારદાનંદજી શ્રી માના ભારવાહક ખરા, પણ શ્રી માની સીધેસીધી સેવા કરવાની તક તેમને ભાગ્યે જ મળતી. દેહાવસાન પહેલાં, એક સપ્તાહ પૂર્વે રાત્રે બાર વાગ્યે શ્રી માએ સરલાદેવીને હાથે દૂધ પીવાની ના પાડી. શારદાનંદને બોલાવીને તેને હાથે શ્રી માએ દૂધ પીધું અને એ રીતે તેમની મનોકામના પૂર્ણ કરી. આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે છેક છેલ્લી ઘડી સુધી શ્રી માના વ્યવહારમાં અસીમ કરુણા અને સ્નેહ દેખાતાં હતાં. દેહત્યાગના ત્રણ દિવસ અગાઉ બધો સમય આત્મસ્થ રહેતાં શ્રી માએ બોલવાનું બંધ કર્યું. કોઇ દુન્યવી વસ્તુ તરફ આકર્ષવાનો પ્રયત્ન કરે તો નારાજ થઇ જતાં. એક સેવકને રડતો જોઇ કહ્યું : "શરત છે પછી બીક કેવી!" ઇ. સ. ૧૯૨૦ ના જુલાઇ માસની ૨૧ મી તારીખે રાત્રે શ્રી માએ મહાપ્રયાણ કર્યું.

તેમની મહાસમાધિ પછી શારીરિક રોગનાં તમામ લક્ષણો દૂર થઇ ગયાં. એમના મુખ પર દિવ્ય જ્યોતિ પ્રસરી રહી. શરીર ઠંડુ પડી ગયું છતાં મુખ પર પુષ્કળ તેજ પથરાયું હતું. સવારે સાડા દસ વાગ્યે સ્વામી શારદાનંદજી વગેરે સાધુઓ અને ભક્તો રામનામ—સંકીર્તન કરતાં કરતાં વરાહનગરને રસ્તે બેલુરમઠ તરફ લઇ ચાલ્યા. ઘણા ભક્તો આ સ્મશાનયાત્રામાં જોડાયા. વરાહનગરથી હોડીમાં ગંગા નદી પાર કરી તેઓ બેલુરમઠમાં આવ્યા.



સ્ત્રીભક્તોએ શ્રી માના પવિત્ર દેહને ગંગાસ્નાન કરાવ્યું. નવાં વસ્ત્રોથી શણગાર્યો. બપોરે લગભગ ત્રણેક વાગ્યાના સુમારે સ્વામી વિવેકાનંદની સમાધિની ઉત્તર દિશામાં ચંદન કાષ્ઠની ચિતામાં એમની પવિત્ર કાયા મૂકવામાં આવી. ગંગામૈયાની પેલે પાર જુલાઇ માસના કાળાં વાદળોએ દેખા દીધી. ભક્તોને ચિંતા થઇ કે વરસાદ આવશે તો ચિતા ઓલવાઇ જશે. નદીની પેલે પાર તો વરસાદ શરૂ પણ થઇ ગયો. પણ આ પાર? પવિત્ર કાયા ભસ્મ થઇ ત્યાંસુધી વરસાદે પોતાની ગતિ થંભાવી. જાણે પવિત્રદેહની આમાન્યા ન રાખતા હોય તેમ વાદળો થંભી ગયાં. ગગનમાંથી શ્રી માના પવિત્ર દેહને વંદી રહ્યા. પછી શ્રી માની પવિત્ર કાયાની રાખોડીને આલિંગવા અધીરાં બન્યાં હોય તેમ ધરતી પર વર્ષારૂપે ઊતરી આવ્યાં. ચિતાને શાંત કરવા સ્વામી શારદાનંદજીએ ગંગાજળનો પહેલો ઘડો રેડ્યો તે જ વખતે મુશળધાર વરસાદ શરૂ થયો. ચિતાના અગ્નિને શાંત કરી, હૃદયમાં શ્રી માના વિરહાગ્નિને જલતો રાખી સહુ ઘરે પાછા ફર્યા.

એ પવિત્ર સ્થળે શ્રી માના જન્મદિવસે ઇ. સ. ૧૯૨૧ ના ડિસેમ્બર માસમાં મંદિરની યથાવિધિ પ્રતિષ્ઠા કરવામાં આવી. આજે પણ દેશદેશાવરથી આવતા અસંખ્ય ભક્તો માટે એ સ્થળ યાત્રાધામ બની ગયું છે. શ્રી મા આ મંદિરમાં એક સુંદર વેદી પર બેઠાં છે. તેમનું મુખ જાણે સામે રહેલી ગંગાનું દર્શન કરે છે એવી એની રચના છે. શ્રી માની પવિત્ર દિવ્યજ્યોતિ આજે પણ અનેક ભક્તહૃદયોમાં પ્રજ્વલિત બની પ્રકાશી રહી છે, તેમને લાખ લાખ વંદન. શ્રી મા સ્વદેહે હયાત નથી પણ એમના લીલાસંવરણને આજે સાડા આઠ દાયકા થવા આવ્યા તો પણ

તેમની સ્મૃતિ તેમના ભક્તોના હૃદયમાં આજે પણ જીવંત છે.

સ્વામી વિવેકાનંદે ભવિષ્યવાણી કરી હતી ''માને કેન્દ્ર કરીને ગંગાના પૂર્વ કિનારે સ્ત્રીઓ માટે એક મઠની સ્થાપના કરવામાં આવે. આ મઠમાં જેમ બ્રહ્મચારી સંન્યાસી તૈયાર થશે તેમ સામેના કિનારે સ્ત્રીમઠમાં પણ બ્રહ્મચારિણી સાધ્વી તૈયાર થશે. મા ઠાકુરાની ફરીથી ભારતમાં એ મહાશક્તિ જગવવા માટે આવ્યાં છે. તેમનું અવલંબન કરીને ગાર્ગી, મૈત્રેયી જગત-માં જન્મ લેશે.'' તેમનો આ વિશાળ સંકલ્પ પૂર્ણ કરીને ઇ. સ. ૧૯૫૪ માં શારદામઠની પ્રતિષ્ઠા થઇ. શ્રી મા એ મંદિરના અધિષ્ઠાતા દેવી છે. ત્યાં તેમની નિત્ય પૂજા થાય છે. ઇ. સ. ૧૯૮૧ માં ભવ્ય નાટ્યમંદિર સહિત એક મંદિર પણ બાંધવામાં આવ્યું છે. શ્રીમાની મંત્રશિષ્યા અને સેવિકા તથા રામકૃષ્ણ-સંઘમાં સરલાદેવીના નામથી સુપરિચિત સ્ત્રીભક્ત—જેઓ સંન્યાસ લીધા પછી પ્રવ્રાજિકા ભારતીપ્રાણા નામે ઓળખાયાં, તેમણે આ સ્ત્રીમઠના પ્રથમ અધ્યક્ષપદને શોભાવ્યું. આ મઠમાં ભારત-માંથી અને વિદેશમાંથી પણ ઘણી યુવતીઓ આવી છે જેમણે શ્રી માના જીવનસંદેશ અનુસાર આધ્યાત્મિક જીવન જીવતાં જુદા જુદા પ્રકારના સેવાકાર્યમાં સમર્પણની તૈયારી દર્શાવી છે. શ્રી મા અહીં નિત્ય વિરાજે છે અને સર્વનું મંગલ વાંછે છે. કલ્યાણ કરે છે.



### 'શ્રી રમણ મહર્ષિ સાથેના વાર્તાલાપો'

# 'સભાન શાશ્વતી'

સંપાદન : પૉલ બ્રન્ટન—વેંકટશમૈયા
અનુવાદ : પ્રો. તરલા દેસાઇ

(નોંધ : 'સભાન શાશ્વતી'નો સાદો અર્થ એ છે કે દરેક વ્યક્તિ આત્મશક્તિથી જ જીવે છે. પણ તે એમ માને છે આ શરીર એ જ હું છું ને તેનાથી જ જીવું છું. પરંતુ સત્ય એ છે કે માણસનું જીવન આત્મશક્તિથી જ છે. એ વાત સતત યાદ રાખી જાગૃતપણે જીવવું એ 'સભાન શાશ્વતી' છે. —તંત્રી)

## માર્ગના અંતરાયો

પ્રશ્ન : આપણે લાલસા અને ગુસ્સો અંકુશમાં કેવી રીતે રાખી શકીએ?

મહર્ષિ : આ આવેગો કોના છે? શોધી કાઢો. જો તમે આત્મસ્વરૂપે રહેશો તો તમને જણાશે કે કશું એનાથી અલગ છે જ નહિ. પછી અંકુશની જરૂર રહેશે નહિ.

પ્રશ્ન : મેં જાતીય વ્યભિચાર કર્યો છે.

મહર્ષિ : જ્યાં સુધી તમે (તમારા આત્માએ) એ આચર્યો છે એવું પાછળથી ન વિચારો તો તમારાથી એ આચરાઇ ગયો હોય તો પણ વાંધો નહિ. આત્મા કોઇ પાપ વિશે સભાન નથી હોતો અને જાતીય અપરાધ એ માત્ર શારીરિક નહિ, આંતરિક હોય છે.

પ્રશ્ન : અનાચાર કરવાની મને ઇચ્છા થયેલી.

મહર્ષિ : તમારી પત્નીને વફાદાર રહો એ વધારે સારું છે.

પ્રશ્ન : હું મારી પડોશની યુવતી તરફ આકર્ષાઇ ગયો હતો

અને એની સાથે અનાચાર કરવા લલચાઇ ગયો હતો. મારે શું કરવું?

મહર્ષિ : તમે (તમારો આત્મા) હંમેશાં શુદ્ધ છો. તમારી ઇન્દ્રિયો અને શરીર તમને લલચાવે છે, અને જેને તમે તમારા સાચા સ્વરૂપ સાથે ગૂંચવી દો છો. તેથી પહેલાં જાણો કે કોણ લલચાય છે અને કોણ તમને લલચાવે છે? પણ જો તમારાથી અનાચાર થઇ જાય તો પાછળથી તેને વિશે વિચારો નહિ. કારણ કે તમે સ્વયં હંમેશાં શુદ્ધ છો. તમે અપરાધી નથી.

પ્રશ્ન : આપણે આધ્યાત્મિક અને દુન્યવી જીવનનો સમન્વય કેવી રીતે કરી શકીએ?

મહર્ષિ : અનુભવ એક જ છે. દુન્યવી અનુભવો મિથ્યા 'હું'ની સરજત સિવાય છે શું?

પ્રશ્ન : દુન્યવી જીવન ભારે વૃથા છે.

મહર્ષિ : તમારી જાતને વૃથા ન થવા દો. વૃથા કોને માટે છે તે શોધી કાઢો. થોડાક અભ્યાસ પછી એ તમને સતાવશે નહિ.

પ્રશ્ન : પણ પ્રયત્ન પણ અશક્ય છે.

મહર્ષિ : (પ્રયત્ન) કરો અને તમને એ એટલો અઘરો નહિ લાગે.

પ્રશ્ન : તો એનો અર્થ એ કે મારે હંમેશાં ભીતર જોવું જોઇએ.

મહર્ષિ : હા.

પ્રશ્ન : મારે દુનિયા બિલકુલ જોવી જ નહિ?

મહર્ષિ : દુનિયા પરત્વે તમારી આંખો મીંચી દેવા કોઇએ તમને આદેશ આપ્યો નથી. જો તમે તમારી જાતને દેહરૂપે વિચારો તો દુનિયા બાહ્યરૂપે દેખાય છે. જો તમે આત્મા હો તો દુનિયા તમને બ્રહ્મરૂપે દેખાય.



પ્રશ્ન : દાંતના દુઃખાવાનું શું?

મહર્ષિ : પીડા મનમાં હોય છે. નિદ્રામાં દાંતના દુઃખાવાનું શું થાય છે? ત્યારે તમે પીડા અનુભવો છો? ના. તો આત્મામાં તમે હંમેશ આનંદમાં હો છો.

પ્રશ્ન : ખ્રિસ્તી વિજ્ઞાનના ઉપચારો આ જ સિદ્ધાંત પર છે.

મહર્ષિ : હા. અને આવાં પરિણામો સંકલ્પથી પ્રાપ્ત કરી શકાય. સંકલ્પ અને આત્મા એક જ છે. મચ્છરો કે દાંતનો દુઃખાવો હોવા છતાં આત્મા વિશે જ વિચારો. એને માટે બળની જરૂર છે. સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા માટે મનુષ્યે વીર—પરાક્રમી બનવું પડે.

પ્રશ્ન : ભૌતિક ઇચ્છાઓ ત્યજી દેવી જરૂરી છે?

મહર્ષિ : આપણે શા માટે ઇચ્છીએ છીએ? શોધો. જો તમારી ઇચ્છાઓમાં તમને સાચું સુખ નહિ જણાય તો તમારું મન તેમના તરફ નહિ આકર્ષાય. જો કે, અર્ધજાગૃત વલણો એ તરફ તમને ખેંચે છતાં તમે પાછા વળશો.

તમે મુક્તિનું જીવન કેમ ચાહો છો? તમે એ ઝંખો છો એનો અર્થ એ કે તમે બંધનમાં છો. પણ હકીકતમાં તમે નિત્ય મુક્ત છો. તે સ્વરૂપને જાણો અને ઇચ્છાઓ આપમેળે ખરી પડશે. બધી ઇચ્છાઓ અને વિચારોને ભીતર એકાગ્ર કરો એ જ સાક્ષાત્કાર છે. મન સ્થિર થઇ જવું જોઇએ. મધની તલાશમાં મધમાખી ફૂલની આજુબાજુ ગુનગુન કરે છે પણ એ મળતાં જ તે શાન્ત અને સ્થિર થઇ જાય છે. મનુષ્યના આત્માની બાબતમાં પણ આમ જ છે, જે ઇચ્છાઓ દ્વારા એક સાચા મધને શોધે છે.

★ ★ ★

એક દિવસ મહર્ષિએ મિસ્ટર જી. ને રૉકિંગચેરમાં (ઝૂલણ ખુરશીમાં) ઝૂલતા જોઇ કહ્યું : 'આવા વૈભવો માટેની લાલસાનું

કારણ શું? જો બીજું કોઇ એમાં બેસી જાય તો એના માલિકને એ નહિ ગમે. શું ઝૂલવું ખરેખર એટલું બધું સુખદ હોય છે? એ સુખનો કેવળ ભૂલભરેલો ખ્યાલ છે! શિવે જે કંઇ ભિક્ષામાં મેળવ્યું હતું એ સઘળું વિષ્ણુને અર્પી દીધું અને પોતે જંગલોમાં, ગુફાઓમાં અને રાની પ્રદેશોમાં પરિભ્રમણ કરવા નીકળી પડ્યા! એમની દૃષ્ટિએ પરિગ્રહ કરતાં અપરિગ્રહ વધારે સુખ-કર્તા છે. એષણાઓથી મુક્ત થવું એ વધારે આનંદદાયી છે.'

પ્રશ્ન : હું ભક્ત થવા લાયક છું?

મહર્ષિ : દરેક વ્યક્તિ ભક્ત થઇ શકે. આધ્યાત્મિક આહાર સર્વ માટે સાધારણ—સુલભ છે. કોઇ માટે પ્રતિબંધિત ન હોય.

કોઇ કહે મને પ્રભુ માટે ખૂબ પ્રેમ છે પણ જો તેને એ પ્રભુનો વિરહ ન લાગે, તો તેને સાચો પ્રેમ છે એમ મનાય નહિ. **– સ્વામી સચ્ચિદાનંદ**

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



**('મા' સર્વેશ્વરીની શૈશવ કથા)**

# પોયણું પાંગર્યું

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

સદ્ભાગ્ય તો એ હતું કે અમારા પિતાજી શિક્ષણપ્રેમી હતા. તેથી પોતાનાં સંતાનોને ગામમાં સગવડ ના હતી તો અન્ય સ્થળે પણ મૂકીને શિક્ષણ તો આપવું જ. એવો આગ્રહ.

અને એથી જ વ્યારામાં ઘર ભાડે રાખીને સરોજને પણ સાવિત્રીબહેન અને સુશીલાબહેન જોડે આગળ શિક્ષણ આપવા-ની યોજના બાપુજીએ ઘડી.

વ્યારાથી દૂર લગભગ બહાર ઊનાઈરોડ ઉપર ખેતીવાડીના ફાર્મ પાસે એક ઘર શોધી કાઢ્યું.

તે ઘર કપૂરાના જ શ્રી નરસિંહભાઇનું હતું. તેઓ પૌંઆ ખાંડવાનું મશીન રાખતા એટલે એક ઘરમાં તે પોતે રહેતા ને સામે જૂનું, કાચું ઘર હતું. જે પૌંઆના કારખાના તરીકે જાણીતું ને એ જ કામમાં વપરાતું હતું. તે ઘરમાં અમારું રહેવાનું પાકું થયું. એ ઘરમાં બરાબર મધ્યમાં પૌંઆનું મશીન પણ હતું.

કોઇક ધન્ય ક્ષણે કપૂરાનું ઘર છોડીને વ્યારાના ઘરમાં ત્રણ બહેનોએ પ્રવેશ કર્યો.

નાનકડી નવ વરસની પેલી સરોજ માટે પણ જાણે તે સહજ વાત હતી. કપૂરા માતા—પિતાને છોડતાં કંઇ દુઃખ ના થયું હોય તેના બે કારણ હતાં. એક કારણ બે બહેનો સાથે હતાં ને બીજું કારણ બાપુજી તો લગભગ દરરોજ જ મળવાના હતા. એટલે વ્યારાના એ ઘરમાં ગોઠવાઇ જવામાં વાર ના લાગી.

નાની ઉંમરે ઘર છોડવું કેટલાંક બાળકોને ખૂબ જ અઘરું લાગે. પણ અહીં તે પ્રશ્ન ન નડ્યો.

વ્યારાના એ ઘરમાં રહીને બંને બહેનોએ તો વ્યારાની પ્રસિદ્ધ હાઈસ્કૂલમાં અભ્યાસ શરૂ પણ કરી દીધો. તે શાળામાં પાંચમા ધોરણથી અગિયાર ધોરણ સુધીના વર્ગો હતા.

એટલે ચોથા ધોરણ માટે ગાયકવાડ મહોલ્લામાં આવેલી કન્યાશાળામાં સરોજને પ્રવેશ અપાવવો પડ્યો.

કન્યાશાળાનાં વર્ગશિક્ષક શ્રી સદ્ગુણાબહેન હતાં. સ્વભાવે શાંત અને પ્રેમાળ હતાં. એ ચોથા ધોરણના વર્ગમાં સુમન નામની મૉનિટર હતી. તે ખૂબ કડક હતી. તે જ લેસન આપતી ને લેસન તપાસતી. વર્ગશિક્ષકની ગેરહાજરીમાં તે જ વર્ગ સંભાળતી.

શ્રી સદ્ગુણાબહેનનો એક નિયમ હતો કે દરેક કન્યાએ કપાળમાં ચાંદલો કરવાનો. દરરોજ યાદ રાખીને સૌ ચાંદલો તો કરતાં, પણ કોઈક વાર ભૂલી પણ જતાં. તો વર્ગ શરૂ થતાં પહેલાં સુમન એ પણ તપાસી લેતી.

ઘણી વાર ચાંદલો ઘણાં ભૂલી જતા તો જોડે નીચે પાણી પીવાની ઓરડી હતી, ત્યાં જઈ જેના કપાળમાં ચાંદલો હોય તેના ચાંદલા ઉપર પાણી લગાડવાનું ને ભીનો થયેલો ચાંદલો સામેની છોકરીના કપાળે લાવવા એકબીજાનું માથું જોરથી અડાડવાનું.

સરોજ પણ કોઈ વાર ચાંદલો ભૂલી જાય તો એ પ્રવૃત્તિમાં જોડાતી.

વર્ગશિક્ષક કરતાં પણ સુમન મૉનિટરની બીક સૌને લાગતી, કારણ તે બધા જ વિષયમાં હોંશિયાર હશે. તે લેસન તપાસતી તે પણ કારણ હશે. સરોજને પણ તેની બીક લાગતી.

સુશીલાબહેન અને સાવિત્રીબહેન ઉનાળામાં સવારની સ્કૂલ એટલે ૭ વાગ્યે સ્કૂલે જાય ને ૧૧ વાગ્યે છૂટી જાય. જ્યારે



પેસી કન્યાશાળા તો ઉનાળામાં પણ ૧૧ થી ૫ જ રહેતી. તેમાં કોઈ ફેરફાર થતો ન હતો.

સવારે સાત વાગ્યા પછી ઘરમાં સરોજ તો એકલી પડે. જો કે સામેવાળાં બહેન વાળના ચોટલા ગૂંથી દે, કોઈક વાર જમાડે પણ ખરાં. પછી શાળાએ જવા સરોજ ઘરે તાળું મારીને દફતર લઈને બારણામાં બેસે.

ઉનાળામાં દરરોજ સરોજ જ એકલી ૧૧ વાગ્યે ભણવા જાય ને બંને બહેનો તો ઘરે આવી જાય. તે સરોજને ના ગમે.

એટલે ઘણી વાર તાળું મારી દફતર હાથમાં લઈને જવાની તૈયારી તો કરે, પણ મારે જ એકલીએ જવાનું એવા વિચારનું દબાણ વધતાં સરોજે એક ઉપાય શોધી કાઢ્યો.

તાળું મારી દફતર હાથમાં લઈ બારણામાં જ બેઠેલી, નવ વરસની નાનકડી એ સરોજ ૧૧–૩૦ થતાં જ દૂરથી બંને બહેનોને આવતાં જોઈને રડવાનું શરૂ કરે ‘મારે ભણવા નથી જવું.’

એકબે દિવસ તો એ જીદને ચલાવી લેતાં. ને રજા પડતી. પણ એ ક્રમ દિવસે દિવસે વધવા લાગ્યો.

બંને બહેનો તાપમાં ચાલીને આવે. ભૂખ લાગી હોય, રસોઈ બનાવવાની બાકી હોય ને તેમાં વળી આ સરોજ રોજ રોજ રડીને શાળામાં ન જવાની જીદ કરતી એટલે બંને બહેનો વઢે, મનાવે, જીદ વધે તો શિક્ષામાં થપ્પડ પ્રસાદી પણ દઈ દે.

દરેક વખતે જીદનો વિજય થતો તેવું ન હતું. મનાવી-પટાવીને પણ સરોજને મોકલતાં, પણ હદ થતાં માર પડવા માંડ્યો.

માર એટલે એકબે થપ્પડ જ. પણ નવ વરસની એ સરોજને એમાં માનહાનિ લાગી હશે તે એક વાર થપ્પડ પડતાં જ તે ઘરમાંથી તરત નીકળી ગઈ.

'છોડી દો એ સ્વજનોને' એવું કંઇક મનમાં ઊગ્યું હશે ને બીજી બાજુ 'માતાપિતા તો મારા પક્ષે જ છે ને' એવો વિશ્વાસ હશે.

એટલે પાસે જ કપૂરા જવાનો જે રોડ હતો ત્યાં કપૂરા ભણી સરોજ ચાલવા માંડી. બહેનો પાછળ દોડે પાછી લાવવા માટે. પણ એ તો ચાલવા માંડી. ઠેઠ કપૂરા સુધી પાછી ના વળી, ના ઊભી રહી.

તે દિવસોમાં બળદગાડાની જ અવરજવર અને તે પણ છેક નહીંવત્. ચાલતા માણસો પણ ભાગ્યે જ મળે. બસ કે સ્કૂટરનો તે જમાનો ન હતો. રસ્તે મીંઢોળા નદી પણ આવે. ચઢતાં-ઊતરતાં ડર લાગે તેવી કોતરડી પણ આવે.

એવા એ એકાંત જેવા લાગતા રસ્તેથી પસાર થઇને સરોજ એકલી કપૂરા પહોંચી ગઇ. ના કોઇ સંગાથ હતો. ના કોઇ ડર હતો કે શું થશે તેની ચિંતા હતી.

દોઢ કલાકમાં તો કપૂરા ઘરે પહોંચી ગઇ. ઘરમાં સૌએ જાણ્યું. રાત તો અમે રહ્યાં. જમ્યાં. સૂઇ ગયાં. પણ સવારે બાપુજી જાતે ઘોડાગાડીમાં પાછા વ્યારા મૂકી ગયા.

ને નાનકડી સરોજે કામચલાઉ તો જાણી લીધું, માની લીધું કે ભણવા તો જવું જ પડશે.

એટલે પાછું એકબે અઠવાડિયાં નિયમિત શાળામાં જવાનું શરૂ થઇ ગયું.

વળી પાછું મનમાં કંઇ આવી ગયું તો પાછું એ જ રટણ 'ભણવા' નથી જવું.

ફરી થપ્પડ મળી. ફરી કપૂરા ઊપડી ગયાં, હવે તો જાણે તે વાત સહજ લાગી. ફરી પિતાજી સરોજને મનાવી—પટાવીને વ્યારા મૂકી ગયા.



ત્રીજી વાર જ્યારે એનું પુનરાવર્તન થયું ત્યારે કપૂરાના ઘરમાં અમે સંધ્યાકાળે દાખલ થયાં. વાત એમ હતી કે રોજ ચાર વાગ્યે વ્યારા મ્યુનિસિપાલટીના નળનું પાણી ભરવાનું. તેમાં સરોજને પણ મદદ કરવી પડતી. તેમાંથી કંઇક રીસ ચઢી એટલે નવ વરસની એ સરોજ વ્યારાનું ઘર છોડીને કપૂરા સંધ્યાકાળે પહોંચેલી.

આ રીતે ત્રીજી વાર સરોજને આવેલી જાણીને બાને ગુસ્સો આવ્યો. બા વાડામાં જ હતાં. સરોજ પણ ઝાંપેથી વાડામાં થઇને જ ઘરમાં પ્રવેશતી હતી ત્યાં જ બાએ ગાલ ઉપર એક થપ્પડ મારી.

ખોટી ટેવ પડી છે. થપ્પડથી પાઠ ભણશે એવા હેતુથી બાની પણ અણધારી, ના કલ્પેલી પ્રસાદી મળી.

અને એ સ્વમાની સરોજ ઘરમાં પણ ના ગઇ. ના પાણી પીધું, ના જમવા રોકાઇ. તરત જ પાછું વ્યારા ભણી ચાલવા માંડ્યું. અંધારું થઇ ગયું હતું.

બાએ પાછી વાળવા પ્રયત્ન પણ કર્યો પણ એ જીદ ને એ રીસ કંઇ સામાન્ય ન હતાં. વ્યારાના રસ્તે અંધારે એકલી એ તો બસ ચાલવા જ માંડી.

કપૂરાથી સાંજનું દૂધ—વ્યારા હોટેલમાં વેચવા માટે નોકર દીનાભાઇ રોજ જતા. તેને બાએ ભલામણ કરી કે અમારે ત્યાંની સરોજ એકલી જ વ્યારા જવા નીકળી છે રસ્તે મળે તો સાચવીને ત્યાં પહોંચાડજે.

થોડી જ ક્ષણોમાં દીનાભાઇ મળી તો ગયા. પણ તેની સાથે એક શબ્દની પણ વાતચીત ના કરી. રીસ, જીદ, હિંમત ને પોતાની મસ્તીમાં મસ્ત બનીને સરોજ તો પાછી વ્યારા પહોંચી ગઇ!

રાત પડી ગઈ હતી. બંને બહેનોએ ફાનસના અજવાળે જોઈ લીધું કે બહેન તો પાછાં આવી ગયાં છે! એટલે કંઈ પણ ઠપકો આપ્યા વગર જ ઘરમાં આવવા દીધી.

અને તે દિવસથી પાછો નિશાળે જવાનો ક્રમ ચાલુ થઈ ગયો. અરે, અતિ નિયમિત થઈ ગયો.

શિક્ષાના પ્રસાદની અને અણધારેલી બાની થપ્પડ પ્રસાદીથી અભ્યાસમાં નિયમિતતા આવી ગઈ.

જરૂરી હશે તો એવો પ્રસાદ પણ પામતા રહ્યાં. પણ નાનકડી એ બાળકીના મનમાં એવી તે વળી શાની રીસ ને જીદ ચઢતી કે તેને ઘર છોડવાનો જ વિચાર આવતો?

તે ઉંમરે તે જાતે જ ઘર છોડવાનો નિર્ણય લઈ શકતી. હિંમતથી ઘર છોડી પણ દેતી. સ્વજનોના આવકારનો અભાવ જોતાં કપૂરાનું ઘર પણ છોડી દેતી.

એ ઉંમરે એ બાળકીને ક્યાં કોઈની સલાહ લેવાની હતી? પોતે જ પોતાના મનના રાજા! પોતાનું ધાર્યું જ કરવાની વૃત્તિ અને તેને જ વળગી રહેવાની દૃઢતા, એ હિંમત, એ જીદ, એ રીસ, એ સંકલ્પશક્તિ બાળપણથી જ જાણે બીજરૂપે વેરાયેલી હતી.

બાળમાનસમાં નાના નાના પ્રસંગો જ કેવો વૈરાગ્ય જગાડી જતા એની ઝલક અહીં જોવા મળે છે.

બીજો પણ એવો પ્રેરક પ્રસંગ સ્મરણમાં જડાઈ ગયો છે. વૅકેશનમાં બાપુજીના બહેનને ઘેર ચાર—પાંચ દિવસ સાવિત્રીબહેન સાથે રહેવા ગયેલાં.

ત્યાં પણ કામ તો એક જ હતું. રમવાનું. ફળિયાના બાળકો જોડે રમતાં, આગળના હીંચકાની આસપાસ પણ રમતાં.



એક બાળકને મોઢા પર ગરમીથી ફોલ્લો થયો હતો આ બાળ સરોજે તે જોયો.

સરોજને થયું એ ફોલ્લો મને પણ નાક પાસે થાય તો કેવું સારું! બસ, આ વિચાર મનમાં પ્રવેશતાં જ એક જ વાક્યનું રટણ સતત થવા માંડ્યું ‘મને પણ નાક પાસે એવો ફોલ્લો થાય તો કેવું સારું. મને પણ નાક પાસે એવો ફોલ્લો થાય તો કેવું સારું.’ આ ધૂન શરૂ થઈ.

એકબે દિવસ એ ધૂનમાં વીતી ગયા ને આશ્ચર્ય સાથે સરોજે ધ્યાનથી જોયું તો પોતાના નાક પાસે એક ફોલ્લો થયો!

તોફાની સરોજની કેવી ધૂન, કેવી માગણી. અરે, આ તે કેવી પ્રાર્થના!

પરંતુ એ ધૂન, માગણી કે પ્રાર્થના શ્રી હરિએ સાંભળી લીધી!

બાળમાનસમાં તે જ ક્ષણથી જાણ્યેઅજાણ્યે જડાઈ ગયું કે ભગવાન આપણે માંગીએ તે આપે છે. પ્રાર્થનાનો પ્રયોગ કરીએ તો પ્રત્યુત્તર પામીએ છીએ તે સત્ય એ ઉંમરે જ સમજાઈ ગયું. વણાઈ ગયું. અંતરમાં તે ઘટના કોતરાઈ ગઈ.

નવ વરસની ઉંમરનું એ પણ એક કીમતી ભાથું જ હતું ને!

નવ વરસની એક નાનકડી બાળકીની કલ્પના તો કરો. નાનકડી એ બાળકી અંધારે એકલી વનવગડે વૈરાગી બનીને મક્કમતાથી પગલાં પાડતી ચાલી રહી છે. સહજ રીતે સૌને છોડી દેવાની જે વૈરાગ્યભરી મસ્તી જ અધ્યાત્મ જગતની સર્વોત્તમ અવસ્થાને પામવા પાયો બનીને જાણે કાર્યરત થઈ રહી છે.

આ કલમ પણ શ્રણભર સ્તબ્ધ થઈને ઊભી રહી ગઈ છે!

ફક્ત નવ વરસની એ વયમાં કેવી હિંમત, કેવી સંકલ્પ-

શક્તિ, કેવી સહજ નીતરતી વૈરાગ્યવૃત્તિય. બધું જ જાણે અ-દ્વિતીય છે. અલૌકિક છે.

નવ વરસો વાયુવેગે વહી ગયાં. લાડકોડની એ અવસ્થા પરિસમાપ્તિ ઉપર છે.

નવ વરસના એ નાનકડા જીવનને દૈવી સંપત્તિથી સજાવવાના પ્રયત્ન પૂ. પિતાજીએ જ કર્યા છે. જીવનના રાહબર ઘરમાં જ હતા. પિતાના સ્વરૂપે જાણે એક સાચા શિક્ષક અમને જન્મથી જ પ્રસાદીમાં પ્રાપ્ત થયા હતા. અમારું એ પરમ પ્રારબ્ધ હતું. (ક્રમશઃ)


જવાબદારી ભર્યું જીવન જીવવું એ જ સાચું જીવન છે. ચિન્તામાંથી ચિન્તન થાય છે ને ચિન્તનમાંથી ચિન્તા નિવારવાના ઉપાયો શોધાય છે.

**— સ્વામી સચ્ચિદાનંદ**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪




# શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી

**શ્રી યોગેશ્વરજી**

ભ્રાજિષ્ણુર્ભોજન ભોક્તા, સહિષ્ણુર્જગદાદિજઃ।
અનઘો વિજયો જેતા, વિશ્વયોનિઃ પુનર્વસુઃ॥૧૬॥

સર્વપ્રકાશક, ભોજનપેઠે, તૃપ્તિ સૌને ધરનારા,
ભોક્તા તમે સહિષ્ણુ, વિજયી, શુદ્ધ, દોષને હરનારા;
જગના કેવલ કારણ, દેહી, પૂરણ પ્રકૃતિના સ્વામી,
નમસ્કાર હો અનંત તમને, પ્રાણ રહો તમને પામી!

ઉપેન્દ્રો વામનઃ પ્રાંશુઃ, અમોઘઃ શુચિરૂર્જિતઃ।
અતીન્દ્રઃ સંગ્રહઃ સર્ગો, ધૃતાત્મા નિયમો યમઃ॥૧૭॥

ઈન્દ્ર તેમ વામનરૂપી છો, વિરાટ તેમ અમોઘ તમે,
પવિત્ર તેમ મહાન દિવ્ય છો, ઈન્દ્રિયોથી શ્રેષ્ઠ તમે;
શક્તિના સંગ્રહ ને સૃષ્ટા, આ જગના ધારણ કરતા,
યમ ને નિયમરૂપી હે સ્વામી, થાવ તમે બંધનહરતા!

વેદ્યો વૈદ્યઃ સદાયોગી, વીરહા માધવો મધુઃ।
અતીન્દ્રિયો મહામાયો, મહોત્સાહો મહાબલઃ॥૧૮॥

યોગીવર છો, જ્ઞાનજ્ઞેય છો, વૈદ્ય વળી ભવરોગતણા,
વીરોને હણનારા, માધવ, મધુમય પ્રીતમ ભક્તતણા;
ઈન્દ્રિયોથી અતીત તેમ જ સાગર છો આનંદતણા,
માયારૂપ સશક્ત તમોને સ્મરતાં મંગલ થતાં ઘણાં!